
# અધ્યાત્મ



વર્ષ : ૧૪ મે—૧૯૯૩ અંક : ૮

## * પોતાના વ્યક્તિગત અનુભવને વધુ મહત્ત્વ *

સાધકની અંદર શ્રદ્ધા ને પ્રેમ જાગી જાય, તો પોતાની સાધના માટે ભલે ને તે કોઈ એવો માર્ગ અખત્યાર કરે જે તેની પહેલાંના શાસ્ત્રોના માર્ગ સાથે મેળ ખાતો નહિ હોય, છતાંપણ તે જરૂર સફળ થશે. તેની સાધના માનને પાત્ર જ ગણાશે. શાસ્ત્રીય પદ્ધતિ સાથે તેની સાધના બરાબર બંધ બેસતી નહિ હોય તો પણ, તેની નિષ્ઠા વિશે શંકાશીલ બનવાની જરૂર નથી. શાસ્ત્રો મહાપુરુષોના અનુભવના નીચોડરૂપ છે. તેમની કેટલીક વાતો સર્વ સામાન્ય હોય છે. પણ મહાપુરુષો સંસારમાં કાયમને માટે થયા જ કરવાના ને પોતપોતાને યોગ્ય લાગે તે માર્ગે વિકાસ કરતા રહેવાના. તેમનો વિકાસ શાસ્ત્રોમાં કહેલી એકજ પદ્ધતિનો હોવો જોઈએ એવો દુરાગ્રહ આપણે શા માટે રાખીએ? માણસ સ્વતંત્ર છે. તેને વિકાસ કરવાની ને તે માટેની સાધનાની પસંદગી કરવાની સંપૂર્ણ સ્વતંત્રતા હોવી જોઈએ. પહેલેથી તેને અમુક રૂઢિ, શાસ્ત્ર કે વિધિના બંધનમાં બાંધી દેવાની જરૂર નથી. શાસ્ત્રની વિધિમાં ઉમેરો કે સુધારો કરવાની છૂટ પણ તેને હોવી જોઈએ. સાથે સાથે પોતાના સ્વતંત્ર અનુભવનું શાસ્ત્ર રચવાની સ્વતંત્રતા તેને આપવામાં આવે તો પણ કશી હરકત નથી. એનો અર્થ એમ નથી કે પોતાની પહેલાંના મહાપુરુષોનો જે અનુભવ વારસો તેને સહજ રીતે મળી ચૂક્યો છે તેની તે ઉપેક્ષા કરે અથવા તેનો લાભ લે નહિ. તેનો લાભ તે જરૂર લે. પણ વધારે મહત્ત્વ પોતાના વ્યક્તિગત અનુભવને આપે.

યોગેશ્વરજી

# અધ્યાત્મ

આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક
છૂટક નકલ ૨–૦૦ વાર્ષિક લવાજમ,દેશમાં રૂ. ૧૫-૦૦
વિદેશમાં રૂ. ૧૨૫-૦૦ (વિમાનથી)

- **સંસ્થાપક** પ. પૂ. યોગેશ્વરજી સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
- **તંત્રી-સંપાદક** શ્રી નારાયણ હ.જાની.
- **સહસંપાદકો** શ્રી નાનુરામ દુધરેજીયા, શ્રી મણિભાઈ સી.શાહ.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન** 'અધ્યાત્મ' પ્લોટ નં.૧૬૮૮બી. સરદાર નગર, ભાવનગર-૧
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક** નારાયણ હ.જાની. ફોન ૨૫૮૧૧
- **મુદ્રણસ્થાન** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી, બોરડીગેટ, ભાવનગર–૧

### લેખકોને નિમંત્રણ

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

### 'અધ્યાત્મ' અંગે સૂચનો

- **ગ્રાહકોને** ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી આપશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઈ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધછે.
- દર મહિનાની તા.૧૫સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા.૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| શ્રી યોગેશ્વર કથામૃત | મા શ્રી સર્વેશ્વરી | ૪ |
| અમૃતપળોનો આસ્વાદ–૭ | ગોરધનભાઇ કલોલા (કલ્યાણ) | ૧૨ |
| પૂ. મા સાથેની યાત્રા | શ્રી જયંતી સી. પટેલ | ૨૧ |
| સંન્યાસ અને સંન્યાસી | યોગાચાર્ય શાન્તિકુમાર જ. ભટ્ટ | ૩૪ |
| જય રણછોડ ! | પરમાર્થી | ૪૧ |
| ગઝલ | સફર | ૪૨ |
| ભૂદરને ભજીએ | દુર્લભજી ભક્ત (સ્યાદલા) | ૪૩ |
| સમજી શકાતું નથી | કે. ટી. શાહ | ૪૪ |
| પ્રભુલીલા | ડૉ. ધર્મેન્દ્ર મ. માસ્તર (મધુરમ્) | ૪૫ |
| સર્વસમર્પણ | રણધીર ઉપાધ્યાય | ૪૬ |
| મૌન–પૂ. માનું | શ્રી સુરેશભાઇ શાહ | ૪૮ |
| ધર્મધારા | કમલ સુથાર | ૫૨ |
| પ્રેમ–પ્યાલો | મમતા પી. ભાટિયા | ૫૪ |
| સદ્‌ગુરુ શ્રી દાજીરામ મહારાજ | કનૈયાલાલ ઝિંઝુવાડીયા | ૫૮ |
| રામકથા | યોગેશ્વરજી | ૬૧ |


## * અભિનંદનના અધિકારી *

'અધ્યાત્મ' માસિક એ પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીની અદ્‌ભુત જીવનલીલા-ઉપવનનું એક અનેરું સુગંધી પુષ્પ છે, જેમાં પૂ. મા શ્રી સર્વેશ્વરી કોઇક અને કોઇકને નિમિત્ત બનાવી પમરાટ અને તાજગી પૂરતાં રહે છે. લગભગ એક વર્ષ કેનેડાના સાધક ભાઇબહેનોને એવા નિમિત્તનું સદ્‌ભાગ્ય સાંપડયું, તો હવે અમેરિકામાં વસતાં મા–પ્રભુના ભક્તો દ્વારા એ સત્કર્મ થઇ રહ્યું છે. એ રીતે મે–૯૩ ના અંકનો પ્રકાશન ખર્ચ અમેરિકાનાં ભાવિક ભાઇબહેનો આપી રહ્યાં છે, તે બદલ તેઓ સૌ અભિનંદનનાં અધિકારી છે.

– તંત્રી (અધ્યાત્મ)

# અધ્યાત્મ

વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો
—મા સર્વેશ્વરી

વર્ષ : ૧૪ મે–૧૯૯૩ અંક : ૮

## શ્રી યોગેશ્વર કથામૃત

મા સર્વેશ્વરી

**તા. ૧૨–૨–૮૧, ગુરુવાર, મહા સુદ આઠમ, ૨૦૨૭, સ્થળ : મોરબી.**

સવારે નિયમિત રીતે કાર્ય થાય છે. આસનોમાં પૂ. શ્રી પોણો કલાક ગાળે છે. પછી નિયમિત સંસ્કૃતમાં ગીતાનો પાઠ કરે છે. ત્યારબાદ દૂધ પીને લેખનકાર્ય શરૂ કરે છે. એમાં અગિયાર સહેજે થઇ જાય છે. તે પછી ગુરુવાર હોવાથી સાઇબાબાની સ્તુતિ ગાવાની પૂ. શ્રી સૂચના આપે છે. ત્યારબાદ મુલાકાતીઓ માટે બહાર પધારે છે. બે દિવસથી બહાર મેદાનમાં સવારની મુલાકાત ગોઠવાય છે. ૧૦ થી ૧૫ ભાઇ–બેનો આવીને બેઠાં છે. પૂ. શ્રી સૂચના કરે છે. કોઇને કંઇ પૂછવું હોય તો અને સાથે જ પ્રશ્નોત્તરી શરૂ થાય છે.



**પ્રશ્ન :** પૂર્વજન્મના સંસ્કાર પ્રમાણેના આચાર વિચાર જ આ જન્મે રહે ને?

**પૂ. શ્રી :** પૂર્વજન્મનું જે મળ્યું તેમાં સુધારો થાય છે, પૂર્વના સંસ્કારો બળવાન હોય તો સુધારવાનું અશક્ય પણ બની શકે. બંનેમાં આ જન્મે ને ગયા જન્મે મળેલો સંસ્કારોમાં સુધારો થઇ શકે.

**પ્રશ્ન :** ગુરુમાં ઈશ્વરભાવ રાખ્યો હોય તો દર્શન કરવા કેવી પ્રાર્થના કરવી જોઇએ?

**પૂ. શ્રી :** પ્રશ્ન એ છે કે ગુરુને ઈશ્વર માનો પછી દર્શન કરવાના કોના રહ્યાં? પણ ગુરુને પ્રાર્થના કરો કે તમારું સાકાર રૂપ તો જોઉં છું પણ તમારું મૂળ જે નિરાકાર સ્વરૂપ છે તેનું દર્શન કરાવો. જે જે પ્રાર્થના ભગવાનને કરો તે તે પ્રાર્થના ગુરુને ભગવદ્‌રૂપ માનીને કરી શકાય. ગુરુની કૃપાથી પ્રાર્થનામાં મદદ મળે જ. શ્રદ્ધાભક્તિથી કરેલી પ્રાર્થના નકામી જતી નથી.

**પ્રશ્ન :** ગુરુ પ્રાર્થના સાંભળે ખરા?

**પૂ. શ્રી :** હા, કદાચ ગુરુ બહેરા હોય તો (શક્તિશાળી ન હોય તો) તે ગુરુની પાછળ જે શક્તિ છે તે શક્તિ તમને સેક્રેટરી બનીને જવાબ આપશે. ગુરુનો સ્વાંગ ધારીને તે જવાબ આપશે. ગુરુ પથરા જેવા હોય તો પણ ગુરુશક્તિ તમને માર્ગ બતાવશે.

**પ્રશ્ન :** તમે ધ્યાનમાં બેઠા હોવ ત્યારે કોઇ પ્રાર્થના કરે તો તમને ખલેલ થાય?

**પૂ. શ્રી :** શું કામ થાય? સમુદ્રમાં બે પથ્થર નાખે તો સમુદ્રને અસર થાય? બે ગટરનું પાણી વધુ ભળે તેમાં સમુદ્રને શું?

એક ભરવાડ ઝાડ નીચે બેસી રોટલા છાશ, ખાધાં. જમી રહ્યા પછી તેણે પાણી પીધું તો કોઈ ભણેલા ત્યાંથી પસાર થયા તો કહે આરોગ્યની રીતે છેલ્લે પાણી પીવું ખોટું છે. તો વળી ભરવાડે બીજા બે રોટલા ખાઇ લીધા. પછી કહે હવે પાણી વચ્ચે આવી ગયુંને! તેમ ગુરુનાં હૃદય ખૂબ ઉદાર હોય છે. વિશાળ જ્ઞાન-સાગરમાંથી ઘણું મળશે.

**પ્રશ્ન** : દીકરીઓ માબાપને પગે ન લાગે?

**પૂ. શ્રી** : કેમ ન લાગે? જરૂર લાગે.

**પ્રશ્ન** : ધ્યાનાવસ્થિત ગતેન મનસા પશ્યન્તીયમ્ યોગિનઃ। એમાં મન પણ એક નેત્ર છે ને તેનાથી દર્શન થાય ને?

**પૂ. શ્રી** : તમે આંખ બંધ કરો તો પણ, તમારું ઘર, કબાટ, વાસણ, પૈસા બધું જ જુઓ તો મનથી એ બધું જોઇ શકાય છે, યોગીઓ મનના નેત્રથી દર્શન કરે. પ્રેતયોનિ મનથી વાસ લે. એ પૃથ્વી ઉપર પણ રહે. ઘરમાં, રસ્તા ઉપર બધે રહે. આપણે જોઇ ન શકીએ એ સૂક્ષ્મ શરીરના ફોટા લઇ શકાય.

**પ્રશ્ન** : પૂર્વજન્મનો સંન્યાસી બીજા જન્મે ગૃહસ્થી બને?

**પૂ. શ્રી** : ભાવના હોય તો ગૃહસ્થી બની શકાય. અને વળી અત્યારે એવી ઇચ્છા થાય કે ક્યાં આ બધી ઉપાધિ તો વળી બીજી વાર સંન્યાસી પણ થાય.

**પ્રશ્ન** : સંન્યાસીને કયાં ઋણાનુબંધ હોય? તેને પુત્રપરિવાર ક્યાંથી હોય?

**પૂ. શ્રી** : અરે! સંન્યાસીઓને તો વધારે મમત્વ હોય છે. શિષ્યમાં, ચેલામાં તે બધા પાછા ઋણાનુબંધે પુત્ર, પતિ બનીને આવે. ઘણીવાર સંન્યાસી આદર્શ હોય પણ ભગવાન ગૃહસ્થીનો



પાઠ આપે તો ભક્ત સંન્યાસી ઘરમાં રહીને પવિત્ર જીવન, દાન, તપ, જપ કરવા માંડે ને સમાજને આદર્શ ધરે. નાગમહાશય કે માસ્ટર મહાશય તથા તુકારામ જેવા ગૃહસ્થી છતાં અલિપ્ત રહ્યા.

**પ્રશ્ન** : જુગાર ભગવાનની વિભૂતિ ગણાય?

**પૂ. શ્રી** : બધી જ પોતાની વિભૂતિ. ગટરનું પાણી, ગંગાનું પાણી એ બંને વિભૂતિ છે. ભગવાને કહ્યું : છળ કરનારાઓમાં હું જુગારરૂપે રહેલો છું. સારા માનવની વૃત્તિ તરીકે નહીં–દુષ્ટ માનવમાં જુગારરૂપે રહેલો છું એમ કહ્યું : છલયતામ્ દ્યુત ભૂષણરૂપે નહીં, પણ છળરૂપે કહ્યો. સાપ અને વાઘ પણ ભગવાનની જ વિભૂતિ પણ 'આવ રે વાઘ બાથમબાથ'–એવું થોડું કહેવાય! કેટલીક મંગલ, કેટલીક અમંગલ વિભૂતિઓ છે. તો એનાથી દૂર રહેવું જરૂરી છે.

**પ્રશ્ન** : દર્શન કરવા નીકળ્યા તે પુરુષાર્થ પણ દર્શન ન થયાં તો તે પ્રારબ્ધ કહેવાય?

**પૂ. શ્રી** : પુરુષાર્થ કર્યો પણ પ્રારબ્ધ બળવાન એટલે દર્શન ન થયાં. પણ ઘણીવાર યત્ન કર્યા વિના રસ્તામાં દર્શન થઇ જાય તો ત્યાં પ્રારબ્ધે ભાગ ભજવ્યો એમ કહી શકાય.

**પ્રશ્ન** : દર્શન કરવા નીકળ્યાનો પુરુષાર્થ નિષ્ફળ ન થયો?

**પૂ. શ્રી** : પુરુષાર્થ તો એવો પ્રબળ હોય કે દર્શન ન થાય ત્યાં સુધી તે ત્યાં પલાંઠી વાળે. દર્શન તો પક્ષી પણ કરે, પરંતુ ભાવના-થી દર્શન કરાય તો એના વાયુમંડળમાં પવિત્રતા શાંતિ હોય તેનો લાભ મળે.

પ્રશ્નોત્તરી બાદ નિયમ પ્રમાણે સમગ્ર દિનચર્યા થઇ.

**તા. ૧૩–૨–૮૧, શુક્રવાર, મહા સુદ નોમ,**
**૨૦૩૭, સ્થળ : મોરબી.**

દરરોજ રાત્રે પૂ. શ્રી પોતાના નિયમ પ્રમાણે ઉઠી જપ કરે છે. એમાં આજે સર્વેશ્વરી પણ જોડાય છે. એક કલાક જપ અને અડધો કલાક વાંચન કરે છે. ત્યારબાદ સવારે સ્નાન બાદ પૂ. શ્રી દંડબેઠક, શીર્ષાસન સહિત સઘળી કસરતો નિયમ મુજબ કરે છે. ૩૦ માળા કરતાં પહેલાં 'અમરજીવન' કાવ્યનું લેખન કરે છે. ત્યારબાદ ૧૫–૨૦ મિનિટ આરામ બાદ ફરી એક કાવ્ય લખે છે. ત્યાં તો સાડા અગિયાર થઇ જાય છે.

મુલાકાત શરૂ થઇ. પ્રશ્નોત્તર શરૂ થયા.

**પ્રશ્ન :** સૂક્ષ્મ શરીરવાળા આત્માઓને ખોરાકની જરૂર રહે?

**પૂ. શ્રી :** સ્થૂળ શરીરવાળાને જ ખોરાકની જરૂર પડે. સૂક્ષ્મ–યોનિવાળા જીવો વાસ જ લે.

**પ્રશ્ન :** મેલીવિદ્યાના સકંજામાં આવનાર જીવને ઉગારવાનો ઉપાય શો?

**પૂ. શ્રી :** ભગવાનનું સ્મરણ અને મેલી વિદ્યાના જાણકાર તેનો ઉપાય કરે. પણ મેલી વિદ્યાવાળા પવિત્ર જીવન ન જીવે.

**પ્રશ્ન :** ખરાબ વિચારો આવે તો શું કરવું?

**પૂ. શ્રી :** તમે વિચારો, સારા પુસ્તકોના વાચનમાં સમય પૂરો થાય તેટલો વખત તો બૂરા વિચારો અટકે. સારા વિચારો–ૐ હરિઃ ૐ, હું શાંતિ સ્વરૂપ છું. ચિદાનંદસ્વરૂપ છું, આનંદ સ્વરૂપ છું, પ્રેમસ્વરૂપ છું, આત્મસ્વરૂપ છું–એવા જ વિચારો કર્યા કરો. આવા સારા વિચારો જ કર્યા કરો. શુદ્ધ છું, બુદ્ધ છું, મુક્ત છું. પરમાત્માનો પ્રતિનિધિ છું. મને રાગ નથી, દ્વેષ નથી, કામ નથી, ક્રોધ



નથી, શોક નથી, મોહ નથી, ભય નથી. મારા પર પરમાત્માની કૃપા છે. આત્મા પવિત્ર છે. ઉપર વાદળ આવે એટલે શું? મનને સમજાવો. ક્રોધ ક્યારે આવે? આપણું ધારેલું ન થાય તો મન પર અસર થાય. પ્રભુમય જીવન જીવો. આગળ ધસો. એવા પુસ્તકો વાંચો. મનને શાંત કરવા થોડાં આસનો કરો. જ્ઞાનથી ઉપાય શોધો. જ્ઞાન અને ભાન કેળવો.

આત્મનિરીક્ષણ પછી આત્મશોધન કરી શુદ્ધિ સાધો.

**પ્રશ્ન :** નાસ્તિકો કહે છે કે ભગવાન નથી.

**પૂ. શ્રી :** હવે તો વિજ્ઞાન કહે છે, એવી એક સત્તા ચેતના શક્તિ છે જે બધા જ પદાર્થોમાં રહે છે જેનાથી પદાર્થો બંધાઇને બને છે. ઇલેક્ટ્રોન, પ્રોટોન, ન્યૂટ્રોન. હવે ત્રણને બદલે એક ચોથું તત્ત્વ–એટમનું વૈજ્ઞાનિકો સ્વીકારે છે, જેના વિના ટકી શકાય નહીં. પરમાત્મા એક તત્ત્વ છે, ચેતન છે, સત્તા છે, કોઇ માણસ નથી. "ન અસ્તિ" એનો અર્થ છે કે કોઇ તત્ત્વ નથી. આસ્તિક માને છે કોઇ તત્ત્વ છે. એના અસ્તિત્વમાં માને છે, તે આસ્તિક.

પોતાનું અસ્તિત્વ તો નાસિતકો પણ સ્વીકારે છે. પોતાના અસ્તિત્વમાં કોઇ એવી શક્તિ છે જેના વડે પગ હલનચલન કરે છે. એકલું જડ કશું જ ન કરી શકે. દોરીસંચાર પણ ચૈતન્યનો જ હોય. એ તત્ત્વ શરીરમાં નથી હોતું, તો કશું જ થતું નથી.

**પ્રશ્ન :** જીવ ને આત્મા એક છે?

**પૂ. શ્રી :** હા, પણ નામ જુદાં જુદાં. પાણી, વોટર, પાની, એક જ છે.

નિરાશ થયેલી બી. એ. ભણેલી એક બેનને પૂ. શ્રીએ ખૂબ સરસ આશ્વાસન આપ્યું. શિવોઽમ્‌ની ધૂન લખાવી. વળી હસ્તા-

ક્ષરની બુકમાં પૂ. શ્રીએ હસ્તાક્ષર આપતાં લખ્યું : "નિરાશ ન બનો આશા રાખો."

સૌ પ્રસાદ લઈને વિદાય થયા.

પૂ. શ્રીએ પૂરી ને દૂધનું ભોજન લીધું. ભોજન બાદ શ્રી નારાયણભાઈ જાનીને પત્ર લખવાની વાત હતી. સર્વેશ્વરીએ શ્રી નારાયણભાઈને સંબોધન કર્યું : તંત્રી મહોદય મિત્રશ્રેષ્ઠ ભાઈ શ્રી—આ સંબોધન પૂ. શ્રીએ કાઢી નંખાવ્યું ને કહ્યું શિષ્યશ્રેષ્ઠ હજી ચાલે. હું તો કોઈને મિત્ર માનતો નથી. મારે તો પ્રભુ જ મિત્ર છે. એટલે મિત્રના સંબોધનના જે ભાવો છે તેને તો મેં વરસોથી લુપ્ત કરી દીધા છે.

સર્વેશ્વરી પૂ. શ્રીની વાત સ્વીકારે છે ને શિષ્યશ્રેષ્ઠ સંબોધન કરે છે. ભોજન બાદ આરામ. આજે સવા અગિયાર વાગ્યે પૂ. શ્રી સરસ ગીત લખે છે. 'તમારાં તમે તો ઉઘાડો બારણાં'—એ ભજન ગાતાં ગાતાં પૂ. શ્રી કોપી કરે છે. સાંજે ૫ થી ૫–૩૦ ભજન લલકારતા જાય ને કોપી કરતા જાય. એ મસ્તી અનોખી જ હોય છે. કોપી કરવા માટે સર્વેશ્વરી માંગણી કરે છે, ત્યારે ત્યારે પૂ. શ્રી કહે છે કે ગીતની કોપી કરવામાં ઘણીવાર નવા શબ્દો સ્ફૂરે છે, જેથી વળી નવું જ લખાય. ૫–૪૦ થી પૂ. શ્રી બહાર આંટા મારે છે. ખૂબ ઝડપથી પૂ. શ્રી ચાલી રહ્યા છે. કહે : "નવી ચંપલ છે ને એટલે જરા ચાલી જોઉં છું." શ્રીહરિ આવે છે. પૂ. શ્રીને પ્રણામ કરે છે. તો પૂ. શ્રી ઊભા રહી જાય છે.

પ્રવચન સ્થળે જતાં પહેલાં શ્રી સુતરિયા સાથે દેશ ને પરદેશની સંસ્કૃતિની વાતો કરે છે. પૂ. શ્રીના અભિપ્રાય મુજબ પરદેશનો મોહ છોડવો જોઈએ. દેશમાં બે સૂકા રોટલા સારા પણ



પરદેશના બે કરોડ નકામા. ત્યાં શાંતિ, સત્સંગ, સંસ્કાર, ગૃહ-જીવન રહેતું નથી, વગેરે.

સમયસર ગાડી આવી જાય છે. પૂ. શ્રી ગાડીમાં બેઠા છે. પ્રવચન સ્થળે પહોંચી પ્રવચન આપે છે. આજે પ્રવચનમાં મંદિર એક યુનિવર્સીટી છે એમ કહી પોઠિયો, કાચબો, ઘંટ, દીવો વિ. ની વાત સમજાવે છે.

પ્રવચન બાદ શ્રી જીતુભાઈ, કુંદનબેન, કલ્પુ વડોદરાથી અને શાંતિભાઈ રાજકોટથી આવે છે, એમની સાથે વાતો થાય છે. ઉતારા પર આવીને સૌ થોડીવાર બેસે છે. પછી વિદાય થાય છે.

હરિઃ ૐ (ક્રમશઃ)

મનને સુશાંત રાખવું, તપવું નહિ લગાર;
ઉચિત હોય તે બોલવું, પૂરો કરી વિચાર. નાથભગવાન્

IS:10001

ઓ. : ૨૫૬૬૮
ફે. : ૮૭૨૨૨
૮૭૬૨૪
ઘ. : ૪૧૪૩૧

ખેતીની સિંચાઈ માટે વિશ્વસનીય એન્જીન
"સત્યવાન" તથા "ચંદન"
૬, ૮ તથા ૧૦ હો. પા.
–: બનાવનાર :–

કનેરીયા એન્જીનીયરીંગ વર્ક્સ
ઢેબર રોડ, રાજકોટ–૩૬૦૦૦૨

# અમૃતપળોનો આસ્વાદ–૭

ગોરધનભાઇ કલોલા (કલ્યાણ)

હવે આપણે બેંગ્લોર છોડવાની તૈયારીમાં છીએ, પરંતુ એ કલ્પુતીર્થની વિદાય તો કેમ લેવાય? છેલ્લા પાંચેક દિવસથી પૂ. માના સાન્નિધ્યમાં જે તીર્થસલિલમાં જે સ્નાનનો આનંદ માણ્યો છે, તે ક્ષણજીવી નથી, વર્ષોપર્યંત એ આનંદની ક્ષણો વિસ્તરેલી છે, રહેશે! ઈશ્વરપ્રેમની આજ અલૌકિકતા છે! દિવ્યાનંદમાં જે ક્ષણો પસાર થાય છે તે જીવનનો ઇતિહાસ બનીને હૈયામાં કોતરાઇ જાય છે. પૂ. માના સખીભાવનાં દર્શન એ અલૌકિક લ્હાવો હતો. પૂ. મા સૈખ્યભાવે–મૈત્રીભાવે પોતાની સખીની પાછળ પાછળ જે રીતે ફર્યાં, જે રીતે ખોવાયેલાં રહ્યાં તે દિવ્યપ્રેમના અનેરા બંધનનું દ્યોતક છે. પ્રેમે પ્રભુ કેવા પીગળે છે, ભાવે કેવા ભીંજાય છે. હૈયે હેત ધરીને કેવા હરખાય છે. પોતાના પરમપ્રિય ભક્તની પાછળ કેવા પાગલ બને છે તેનું સાક્ષાત્ દર્શન અહીં કલ્પુતીર્થમાં થયું! જ્યાં સુધી દિવ્ય સંબંધોના આનંદનો આસ્વાદ આપણે માણ્યો નથી ત્યાં સુધી આ બધી વાતો કાલ્પનિક આંતિરેક જેવી લાગશે, પરંતુ એક વખત એ પ્રેમનગરના વાસી થયા પછી એ પ્રેમના સામ્રાજ્યને ભ્રાંતિક સીમાનાં બંધન રહેતાં નથી. બધું મૂકીને, એમાં ખોવાઇ જવામાં જરાય ખચકાટ નહીં લાગે! એટલે આપણે અહીંથી કલ્પુની વિદાય નથી લેતા, પરંતુ એ દિવ્યક્ષણોની યાદ હૈયામાં સંઘરી રાખી તે ક્ષણોનું સાતત્ય અનુભવવાનું છે. તેમ છતાં કલ્પુની દશા તે પેલી વ્રજની ગોળી જેવી થઇ છે. જેમણે પરમપુરુષો પ્રત્યે દિવ્યભાવ અનુભવ્યો છે તેમને માટે તો પરમપુરુષના સાક્ષાત્ સ્વરૂપની વિદાય, વિરહની વેદનાને વાચા



આપ્યા વિના રહી શકતી નથી! અત્યારે કલ્પુનું હૈયું આંખોમાં વસીને વિરહાશ્રુઓને વરસાવી રહ્યું છે.

બેંગ્લોરના વિમાની મથકે વિદાયની પળોનું પાવન દર્શન કેટલું હૃદયસ્પર્શી છે! પૂ. મા ખુરશીપર બીરાજ્યાં છે. શ્રી ચરણો પાસે કલ્પુ તથા શ્રીદેવ બેઠાં છે. વિદાય વેળાની સુવર્ણક્ષણો પસાર થઇ રહી છે. પૂ. મા પોતાના સંસ્કાર ઘડતરના ચૈતન્ય સ્વરૂપોને લળી લળી, હરખી હરખી નિહાળી રહ્યાં છે, પૂ. મા પાસે કલ્પુ–દેવને આપવા માટે જાણે કશું બાકી રહ્યું નથી, એટલે જાણે દિવ્યભાવો ભરેલા માતૃહૃદયના અમૂલ્ય ખજાનાનું દાન પોતાના આ છોકરાઓને, મસ્તકે પ્રેમાળ વરદહસ્ત પસવારતાં આપી રહ્યાં છે. વાત્સલ્યભાવોથી છલકાતા માતૃહૃદયને પૂ. મા પણ ક્યાં ખાળી શકે છે! દિવ્યભાવોની સરિતા અને સાગરના સંગમમાં સૌ સ્નાન કરી રહ્યાં છે. ગોપીઓની વિદાય લીધા પછી શ્રીકૃષ્ણ ભલે ગોકુળ પાછા નથી ફર્યા, પરંતુ પૂ. મા રહી શક્યાં નથી. તેઓ તો પાછાં થોડા સમયમાં જ પોતાની ગોપીના દર્શને જતાં પોતાની જાતને રોકી શક્યાં નથી. અહીં ભક્ત કરતાં ભગવાન જાણે વધુ વ્યાકૂળ છે! માતૃહૃદય છે ને?

બેંગ્લોર વિમાન મથકે વિદાય લેતાં પૂ. મા કહે, "મૈત્રી-ભાવ–સખીભાવનો અભિનય હવે પૂરો થાય છે. પ્રભુની ઇચ્છા પ્રમાણે આ જીવન–રંગમંચ પર પાઠ ભજવાયાં કરે છે!" પૂ. મા જે પણ જીવન અભિનય કરે છે તે લોહી રેડીને કરે છે, તેમાં ક્યાંય ઉણપ કે ત્રૂટિ રહેતી નથી. એટલે તેનો પ્રભાવ પડયા વગર રહેતો નથી. અહીં જ જુઓને, શ્રીદેવ તો પૂ. માના વ્યક્તિત્વથી તદ્દન અજાણ હતા, છતાં પૂ. માના તદ્દન નિખાલસ, નિર્દોષ, પવિત્ર અને પ્રસન્ન વર્તનમાંથી એવી તો રસમાધુર્યની છોળો

ઉડયાં કરતી કે તેમાં ભીંજાવાનું ગમે જ ગમે! શ્રીદેવને ભીંજાવાનું ગમ્યું, એટલું જ નહીં પરંતુ એ વાત્સલ્ય વારિમાં સ્નાન કરતાં ધરાતા જ ન હતા. તેઓને તો કલ્પના પણ ન હતી કે અધ્યાત્મ જગત આટલું હળવું, પ્રસન્ન અને મધુર હોઇ શકે! તેઓનો તો ખ્યાલ હતો કે અધ્યાત્મ જીવન એટલે ભારેખમ, ગંભીર મુખમુદ્રા સાથે જીવાતું જીવન! અમુક જ જાતનો પોષાક પરિધાન કરવાનો, ત્રિપૂંડ અને જટાને અનિવાર્ય આવશ્યકતા ગણાય! સમાજને બદલે વનવિહાર કે ગુફાનિવાસ વિના પ્રભુ-પ્રાપ્તિ થાય જ નહીં! જીવનમાં ગુણોની પ્રતિષ્ઠા કરવાને બદલે એક પગે ઉભા રહીને કે કમર સુધીના ઠંડા પાણીમાં શરીર બોળી રાખીને તપની ઇતિશ્રી માનવી વગેરે તેમની અધ્યાત્મ જીવન-વિષેની કલ્પના હતી! જ્યાં સુધી તેઓ પૂ. માને પ્રત્યક્ષ મળ્યા ન હતા ત્યાં સુધી કંઇક આવા ચિત્રવિચિત્ર ખ્યાલો અધ્યાત્મજીવન વિષે તેમના હતા! પરંતુ જ્યારે તેઓ પૂ. માને અહીં મળ્યા ત્યારે તેમને લાગ્યું કે પૂ. મા પરમપદે પ્રતિષ્ઠિત હોવા છતાં, પોતાની જાતને સામાન્ય માનવથી વિશિષ્ઠ ગણતાં ન હતાં! તપ ધ્રુવ જેવું છે, પણ વનવાસ નથી. અનેક બાલધ્રુવોને પોતાના તપના સાક્ષી રાખીને તેમના નાનકડા હૃદયમાં પ્રેમપૂર્ણ તપના અંકુરોને પોષે છે. છ થી સાત વર્ષના બાળકો પણ પૂ. માના સાન્નિધ્યમાં એકસો ને પચ્ચીસ દંડવત્ પ્રણામો હોંશે હોંશે કરે છે. આ ભવિષ્યના બાલધ્રુવો સમાજ વચ્ચે જ પાંગરી રહ્યા છે!

ત્યાગ દધીચિઋષિના દેહદાન સુધીનો, પરંતુ પૂ. માના શ્રી ચરણોમાં રિદ્ધિ સિદ્ધિ આળોટતી લાગે. સમૃદ્ધિની છોળો ઉડતી લાગે, પરંતુ પોતે તો દ્રૌપદીના અક્ષયપાત્રના એક કણથી પરમ સંતુષ્ટિ પામનારાં! પૂ. મા છોકરાઓને એટલું તો ખવડાવે કે પછી



પચાવવું પણ તેમને જ પડે! અહીં બેંગ્લોરમાં કલ્પુને ઘેર સૌને એટલો તો શીરો પૂ. માએ સ્વહસ્તે ખવડાવ્યો કે છોકરાઓની તો બુદ્ધિ જ બહેર મારી ગઇ! આટલું ખાઇ શકાય તે તેમને માટે કલ્પનાતીત હતું! પરંતુ પૂ. માએ હસાવતાં હસાવતાં ક્યારે કેમ પચાવ્યું તે પણ કલ્પાનાતીત હતું! પ્રેમની અમુલખ સંપત્તિ પાસે ભૌતિક સમૃદ્ધિ જાણે પાણી ભરતી હોય એવું લાગે! પૂ. માનો આ દૈવીસંપત્તિનો વારસો આજે સૌ પચાવતા થયા છે. દૈવી-સંપત્તિને વધારતાં રહીને ભૌતિક સંપત્તિ વહાવતાં રહે છે. અધ્યાત્મનાં પૃષ્ઠો આની સાક્ષી પૂરતા રહે છે. પૂ. માના ત્યાગના સંસ્કારોનું આ પ્રકટીકરણ છે. સૌ યથાશક્તિ દાનનો પ્રવાહ વહાવીને પૂ. માના ત્યાગના સંસ્કારોને ઉજાળી રહ્યા છે! પૂ. મા એક હાથે વાવે છે અને હજાર હાથે લણે છે. આનું નામ ત્યાગની સમૃદ્ધિ! પ્રેમની પહોંચનો આ છે પાક!

બહારથી ખાલી ખાલી લાગતાં પૂ. મા અંદરથી કેવા ભર્યા ભર્યા છે તે તો એ દિવ્ય સ્પર્શ પામીએ ત્યારે જ ખબર પડે! શ્રી દેવ આ સ્પર્શ પામ્યા ત્યારે તેમને જણાયું કે પૂ. માનું બહારનું જીવન તો સમુદ્રમાં તરતી હિમશીલાની ટોચ જેવું છે, જે છે તે તો બધું અંદર જ છે. પૂ. માના આ સહજ દેખાતા વર્તનની જાદુઇ અસર તેમના પર થઇ! તેમને સમજાયું કે બહાર કંઇ ફેરફાર કર્યા વગર અંદરથી કરી શકાય! "શ્રી દેવને જાણે એક જાદુઇ મંત્ર મળી ગયો! સ્યુટેડ બુટેડ હોઇએ તો પણ ભક્તિ થઇ શકે! ઓફિસમાં મેનેજર પદે બિરાજીને પણ માળા ફેરવી શકાય! એક પગે ઊભા રહ્યા સિવાય પણ પ્રામાણિક રહીને, નીતિ નિયમો પાળીને તપ કરી શકાય! ખુરશીપર બેસીને પણ બીજાને ઉપયોગી થઇ શકાય! કંઇ પણ છોડયા વિના બધું છોડી શકાય. તેવું

નિઃસ્પૃહ ભક્તિમય જીવન ધંધો, નોકરી કરતાં પણ થઇ શકે. તે જીવનપરિવર્તન સમો મહામંત્ર તેમને પૂ. માના પ્રથમ સાન્નિધ્યમાં મળ્યો. બસ, ત્યારથી તેઓ પૂ. માના ભક્ત અરે, ભારે પ્રશંસક થઇ ગયા!

આ પરિવર્તન પૂ. માએ મૈત્રીભાવે અદ્ભુત રીતે કર્યું! પરમપદે પ્રતિષ્ઠિત હોવા છતાં એક સારા મિત્ર કેમ બની શકાય તે પ્રેરણાપાઠ પૂ. માના વર્તને પૂરો પાડયો! બૅંગ્લોરથી વિદાય લેતાં પહેલાં પૂ. માએ પોતાની બૅંગ્લોર યાત્રાનું ધ્યેય સો ટકા સિદ્ધ કર્યું! કલ્પુ અને શ્રીદેવના સંસારને દિવ્યતાથી મઢવાની સાથે સાથે સૌ સાથે રહેલા સહયાત્રીઓને પણ પરમશક્તિના સખાભાવનાં લીલાદર્શનનો લ્હાવો મળ્યો.

આ સખાભાવનું લીલાદર્શન આપણે ધારીએ તેટલું સહેલું નથી, કારણકે શિવ અને જીવમાં આભ જમીનનું અંતર છે. શિવત્વને છેક સામાન્ય જીવપ્રકૃતિ સુધી નીચે ખેંચી લાવીને સમાન વર્તન કરવું ને એટલે કે બંને સમાન હોય તેમ મિત્રતા ભાવે અભિનય કરવો, તે સામા પવને હોડી હંકારવા જેવું કપરું કામ છે. પૂ. માએ અહીં કલ્પુના ઘરમાં મૈત્રીની ભૂમિકામાં એટલું તો સરસ અને સહજ લીલાદર્શન પ્રકટ કર્યું કે જાણે અર્જુનની સાથે પરબ્રહ્મ પરમાત્મા શ્રીકૃષ્ણનું પ્રકટ સ્વરૂપે વિચરણ! શરીર ધારણ એ પ્રભુની જીવોપરની અનન્ય કૃપા છે, પરંતુ એ પ્રકટ સ્વરૂપને પામવું એ જીવની આકરામાં આકરી એટલે કે લોઢાના ચણા ચાવવા જેવી કસોટી પણ છે. આપણા જેવા જ શરીરધારીને પ્રભુ માનવા તે તો કેમ ગળે ઉતરે? તેમ છતાં પરમશક્તિ આ માતૃસ્વરૂપમાં પ્રકટ છે તે વાત ન સમજવી તે ઉગતા સૂર્યને ઈન્કારવા બરાબર છે!



આ અમૃતપળોનો આસ્વાદ એ પ્રકટ લીલાસ્વરૂપનો પ્રસાદ છે. જ્યાં જ્યાં આ પૃથ્વીપટ પર પૂ. મા વિચરણ કરે છે, ત્યાં ત્યાં એ દિવ્ય સ્પર્શે એ પરમપ્રેમનો પમરાટ પ્રકટીને પથરાતો રહે છે. કૃપાપાત્ર જીવોસહિત સૌને એ દિવ્યતાને પ્રાણમાં ધારણ કરવાનો સરખો જ અધિકાર છે. કૃપામૃતનું સરોવર એ માતૃસ્વરૂપે હયાત છે, પણ એ દિવ્યતૃષા ક્યાં? એ તલસાટ લાગી જાય તો બેડો પાર થઈ જાય!

આ તાલાવેલી તીવ્ર બને એટલા માટે જ પૂ. મા સાથે આપણે અત્યારે બૅંગ્લોરથી કલકત્તા જઈ રહ્યા છીએ. પૂ. મા હવે વિમાનમાં પોતાની સીટ પર આવીને બિરાજ્યાં છે. સૌ ભક્તોને નામ લઈ યાદ કરતાં કહે, “અત્યાર સુધી તો તેલની બરણીમાં જેમ અથાણાં ડૂબેલાં રહે તેમ અમે પણ કલ્પુની પ્રેમની બરણીમાં અથાણાં બનીને ડૂબી ગયાં હતાં. હવે અમે એ દિવ્ય પ્રેમના નશામાંથી બહાર આવ્યાં છીએ, તેથી સૌની ખબરઅંતર લેવાની હોંશમાં આવ્યાં છીએ.”

પૂ. મા તો પ્રેમાવતાર! જ્યાં દિવ્યપ્રેમ જુએ તેમાં ડૂબી જનારાં! એમાંય કલ્પુ જેવું ઠરવાનું ઠામ મળે તો પછી બહાર નીકળે જ શા માટે! એટલે તો ત્રણ ત્રણ દિવસ સુધી કલ્પુની પ્રેમબરણીમાં પૂરાઇ રહ્યાં! પરમાત્મા અવતાર ધારણ કરે એટલે કેટલાંક યશોદા અને અર્જુન જેવા અંતરંગ ભક્તોને પણ સાથે લાવે છે કે જેમના ખોળે અધિકારપૂર્વક મસ્તક મૂકીને નિરાંતનો શ્વાસ લઈ શકાય! પ્રભુનો પ્રેમરસ આવા સુપાત્રમાં ઠરે છે, એટલે જ ભક્ત કવિ દયારામ કહે છે તે કેટલું બધું યોગ્ય છેઃ—

‘જે કોઈ પ્રેમ અંશ અવતરે, પ્રેમરસ તેના ઉરમાં ઠરે.’

જે બુદ્ધિમાં પ્રભુનો જ પાકો નિશ્ચય થઇ ગયો હોય તે પાકા નિર્ણયના મજબૂત મહેલમાં જ પ્રભુ વસે છે. એટલે જ શ્રી દયારામ બીજી એક પંક્તિમાં ગાઇ ઉઠે છેઃ–

'નિશ્ચેના મ્હેલમાં વસે મારો વ્હાલમો.'

એટલે જ અહીં કલ્પુના મનમહેલમાં પૂ. માને વસવાનું ગમ્યું છે. આપણે પ્લેનમાં બેસી ગયા છીએ, છતાં કલ્પુને છોડવાનું ગમતું નથી, વળી વળીને કલ્પુના મન મંદિરમાં પૂ. માનાં દર્શન કરવાનું મન થયાં કરે છે. આપણે પૂ. મા સાથેની બેંગ્લોર યાત્રા-માંથી એજ શીખવાનું છે કે આપણે પણ કલ્પુ જેવા બનીએ, જેથી પૂ. માને વારંવાર ત્યાં પધારવાની નહીં પણ અઠે દ્વારકાં કરીને વસવાની પણ ઇચ્છા થઇ આવે!

અત્યારે તો આપણને પૂ. માનો વિરલ પ્રેમપ્રસંગ સાંપડયો છે. એટલે એ લીલાદર્શનમાં લીન થઇ જઇએ. પૂ. મા જે સીટમાં બેઠાં છે તેની બરાબર આગળની સીટમાં મુન્ની બેઠી છે. પૂ. મા આરામથી બેસી શકે એટલે મુન્ની પોતાની સીટને પાછળથી સંકોરી લે છે, એટલે પૂ. મા કહે "જીવનમાં માનો ટેકો સારો, માનો આધાર હશે તો જીવનમાં શાંતિથી બેસી શકાશે. બીજા ટેકા છોડી સંસારમાં એક માત્ર માના ટેકાને આધારે જ ટકી રહેવામાં જ સ્થાયી સુખ છે."

પૂ. મા સહજ સહજમાં આવાં મોતી વેર્યાં કરે છે અને જિજ્ઞાસુઓ તેને એકઠાં કરીને ગાંઠે બાંધતા રહે છે. હવે પૂ. મા સ્વાધ્યાય રત થયાં છે. શિવમહિમ્ન અને વિષ્ણુસહસ્રનો પાઠ કરે છે. હમણાં હમણાં પૂ. મા ચશ્મા પહેરે છે. એટલે ચશ્મા પહેરેલાં પૂ. મા જોવાનાં બહુ ગમે છે. ચશ્મા પહેરેલાં પૂ. મા કેવાં લાગે છે. તે ઇંતેજારથી વારંવાર દર્શન કરવાની ઇચ્છા થાય છે. પૂ. મા



વિમાનમાં પોતાની સીટ ઉપર બેસીને ચશ્મા પહેરીને સ્વાધ્યાય કરી રહ્યાં છે. તે લીલાદર્શનનું આપણે અત્યારે ધ્યાન ધરવાનું છે. આ આપણી માનસપૂજા છે. એમાં દૃશ્યો ભલે બદલાતાં રહે, પણ ધ્યાન બદલવાનું નથી, ધ્યાનમાં લીન રહેવાનું છે. આ મંગલ દર્શન પણ કેટલું પરમપાવન છે? ત્રણ સીટની એક સીટ કરી પૂ. મા હવે ડાબે પડખે શાંતિથી ઘૂંટણવાળીને સૂતાં છે. વરદહસ્તમાં સુખડની માળા હજુ પણ ધારણ કરેલી છે, મસ્તકે સફેદ મફલર વિંટયું છે, પૂ. શ્રીના સ્વરૂપને બાજુમાં સુવાડતાં પૂ. મા હસતાં હસતાં કહે, "જેમ બાળક માતાની ગોદમાં લપાઇ જાય, તેમ પૂ. શ્રી અત્યારે મારી બાજુમાં સૂઇ ગયા છે" કેવું મંગલ માતૃદર્શન છે! એમાં પોઢેલા શ્રી વિગ્રહનાં સ્વરૂપમાં પરમાત્માનું પ્રેમ પવિત્રતા અને નિર્દોષતાનું સાક્ષાત્ સ્વરૂપ જ છે ને! જ્યાં આવાં પૂર્ણ પ્રેમ, પવિત્રતા અને નિર્દોષતાનું દર્શન થાય છે, તે ઈશદર્શન જ છે ને? પૂ. માનું અવતાર રહસ્ય બસ અહીં જ પકડાય છે. 'નેતિ નેતિ' પોકારી ઉઠીએ એવો શાશ્વત્, ઉન્નત અને અગાધ દિવ્યપ્રેમ, આપણી કલ્પનાની પરિસીમામાં પણ ન સમાય એવી નિતાંત રમણીય પવિત્રતા, અને જેનું ઉંડાણ માપવા ગમે તેવી કુશાગ્ર બુદ્ધિ પણ પાછી પડે તેવી શિશુસમ નિર્દોષતા! આ છે પૂ. માનું સનાતન સત્ય સ્વરૂપ!

રખે માનતા કે આ પરમશક્તિને પ્રમાણવાનો આ પ્રયાસ છે. એ વાત આપણી હેસિયત બહારની છે. આતો, કેવા વાત્સલ્ય વારિધિ સમાં પૂ. માના ખોળે આપણે બેઠા છીએ, કેવા પાવન શ્રી ચરણોની ધૂલિને મસ્તકે ચઢાવવાનું સદ્ભાગ્ય પ્રાપ્ત થયું છે, અને પ્રભુની કેવી પરમ વિભૂતિનાં પ્રત્યક્ષ લીલાદર્શનના સાક્ષી બનવાનું દેવદુર્લભ સૌભાગ્ય પ્રભુકૃપાએ સાંપડયું છે, તે રખેને ચૂકી ન જવાય તેની જ આ વાત છે.

શ્રેય અને પ્રેયનો સંઘર્ષ સંસારમાં સતત ચાલ્યાં કરે છે. પ્રેયનો વિસ્તાર સમુદ્રની જેમ ચારે તરફ વિસ્તરેલો છે. સાથે સાથે પ્રેયનું આ સાગર સામ્રાજ્ય એની ખારાશથી મુક્ત નથી. એમાં શ્રેયના અમૃત વહેણ જેવું ભક્તિનું ઝરણું જ આપણી તૃષાને સંતોષી શકશે. એ ભક્તિ ઝરણું પૂ. માના શ્રી ચરણોમાંથી સહજ જ પ્રકટી ગયું છે. તેમાં સ્નાન એ જ શ્રેયની સાધના છે. અમૃતના આસ્વાદની આ તક અમૃતદશાના અધિકારી બનાવશે, એમાં ક્યાં શંકાને સ્થાન છે? એ ચરણપદ્મે ચિત્ત ઠર્યું એટલે બસ આનંદ નંદિત), આનંદ આનંદ! એ શ્રી ચરણે પ્રાર્થવાનું ન ભૂલીએ!

ચરણ–પદ્મે મમ ચિત નિષ્પંદિત કરો હે।
નંદિત કરો, નંદિત કરો, નંદિત કરો હે!
(નંદિત એટલે આનંદથી ભરપૂર)

## સુવિચાર

જ્યાં સુધી આપણને શરીર છે અને આપણે તેને જોઈએ છીએ, ત્યાં સુધી આપણે ઈશ્વરનો સાક્ષાત્કાર કર્યો નથી. નદી અદૃશ્ય થયા પછી નાની ધુમરીઓ રહે ખરી? સહાય માટે આક્રંદ કરો, પ્રાર્થના કરો એટલે તે તમને મળશે. પરંતુ છેવટે તમને અનુભવ થશે કે સહાય માટે પ્રાર્થના કરનાર અદૃશ્ય થયો છે તે જ પ્રમાણે સહાયક પણ અને ખેલ ખતમ થઈ ગયો છે. માત્ર આત્મા જ બાકી રહ્યો છે.



દક્ષિણ કેનેડાના પ્રાકૃતિક સૌંદર્યથી સભર સ્થાનોની

# પૂ. મા સાથેની યાત્રા

જયંતી સી. પટેલ–ટોરોન્ટો

[એપ્રિલ, ૯૩ ના અંકમાં 'શબરી ઘેર રામ પધાર્યાં' એ લેખનો જ આ એક ભાગ છે, કારણ કે શ્રી પદ્માબેન અને શ્રી વાસુદેવભાઈને ત્યાં પૂ. મા શ્રી સર્વેશ્વરી એડમન્ટન પધાર્યાં ત્યાંથી જ આ બે દિવસની યાત્રા આરંભાય છે. આ ભાગને એટલા માટે અલગ કરવામાં આવ્યો કે આ આખો ૧૮ પાનાંનો લેખ એક સાથે શી રીતે સમાવાય? વળી આ યાત્રાને 'શબરી ઘરે રામ પધાર્યાં' એમાં વ્યક્ત થતા ભક્તિભાવને બહુ સંબંધ નથી. એટલે તેને અલગ તારવેલ છે. —તંત્રી, અધ્યાત્મ]

તા. ૨૭–૮–૯૨ અને ગુરુવારના સુપ્રભાતે સૌ પ્રણામ કરીને–સવારની પ્રાર્થના અને યોગેશ્વર પ્રભુની બાવની બોલી લીધા પછી પૂ. મા સાથેના સતત સાન્નિધ્યની યાત્રા શરૂ થઈ. ૧૫ બેઠકવાળી વાનમાં પૂ. માની બેઠક તૈયાર કરવામાં આવી. ૧૧ સહયાત્રીઓ અને પૂ. મા સાથેનું "Caravan" સવારના સાત વાગે Edmunton થી નીકળી 16–Wert, Yellow head–Hwy પર ૩૫૦ માઈલ દૂર આવેલા Jasper (જાસ્પર) સ્થળને મળવા દોડી રહ્યું હતું. આ બાજુ કુદરતની કરામત સોળે સોળ કળાએ ખીલી હોય તેમ લાગતું હતું. લાંબા ઊંચાં ઘટાદાર વૃક્ષો મોટા મોટા પર્વતોની સુંદર હારમાળા અને સુંદર મઝાની ઊંડી ખીણો તરફ વહેતાં ઝરણાં સર્જનહારની શિલ્પકળાનાં સાક્ષી બનીને કુદરતી સૌંદર્યના આનંદનો અમારામાં અનેક ઘણો વધારો કરતાં હતાં.

રસ્તામાં પૂ. મા રમુજ પણ કરાવે. પ્રસાદમાં કેન્ડી–બદામ–કાજુ અને ફ્રુટરસ પણ આપે. પૂ. મા સાથે હોય એટલે પણ પ્રેમની એક નવી દુનિયાનું સર્જન થાય. બધા જ સંસારીઓ સંસારને–ટોરોન્ટોને કે તેમનાં બાળકોને સદંતર ભૂલી જાય. કારમાં બેઠેલા બધા જ સહયાત્રીઓ ઊંઘે નહીં એટલા માટે થોડી-વાર ૧૧ વાર બાવની કરવાનું લેશન આપે. ત્યાં સુધી પૂ. મા પોતે પણ પોતાનો નિત્યક્રમ પતાવી લે. શ્રી પદ્માબેને પણ પૂ. યોગેશ્વર પ્રભુની બાવની અને પૂ. માની બાવનીના અગિયાર અગિયાર વાર પાઠ કરવાનું શરુ કરી દીધું. ભજન–ધૂનની મસ્તી, પૂ. માનું હાસ્ય અને લાંબા લાંબા હાથ વડે અપાતો પ્રસાદ એક નવી દુનિયાનું સર્જન જાણી લો. જોત જોતામાં શ્રી વાસુદેવભાઈ કે જેઓ અમારા કારવાનના સૂત્રધાર હતા તેઓએ Hot-Spring (હોટ સ્પ્રીંગ) કે જે જાસ્પર નામના ટાઉન નજીક આવેલું જોવા-લાયક સ્થળ છે ત્યાં લાવી દીધા. સુંદર મઝાનો દિવસ, ખુશનુમા હવા–સૂર્યનાં તેજોમય કિરણો અને સાથે પૂ. મા, પછી પૃથ્વી પર જ સ્વર્ગ લાગે ને! Hot-Spring એટલે ઉનાપાણીનો ઝરો. આ જગ્યા દરિયાની સપાટી પરથી લગભગ ચારેક હજાર ફૂટની ઊંચાઈએ આવેલી છે. શ્રી અંબુભાઈ અને શ્રી પ્રભુદાસભાઈ ઝરણાની મુલાકાત લઈ આવ્યા. આ રળિયામણી જગ્યા પર પૂ. મા અને બહેનો બધે શાંતિથી ફર્યાં. ત્યાં તો એક લંચનો લાકડાનો બાંકડો જોયો કે તરત જ પૂ. માએ કહ્યું કે હવે તમો બધા અહીં જ જમવાનું પતાવી દો. આ જગ્યા પર થોડા ફોટા પણ લીધા અને શ્રી વિનોદભાઈએ અમોને સર્વેને વીડીઓમાં મઢી લીધાં. ત્યાંથી થોડે દૂર આવેલી Madiquan Canyan (મેડીકન કેનીયન) નામની જગ્યાએ આવી પહોંચ્યાં. અતિસુંદર જગ્યા. મોટા મોટા



પત્થરો–ખીણો અને પાણીનાં ઝરણાં તેમનું આગવું સૌંદર્ય દર્શાવતાં વહી રહ્યાં હતા. આ જગ્યા પર ૨૦ મિનિટ જેટલું ચાલવાનું હતું, અહીંનો ઈતિહાસ એવો છે કે ૧૫૦ હજાર વર્ષ પહેલાં દરિયાના પાણીમાંથી ભુગર્ભની રાસાયણિક પ્રક્રિયાને પરિણામે ૨૦૦ ફૂટ જેટલો મોટો પત્થર બહાર આવ્યો અને બે મોટા ભાગમાં વહેંચાઈ ગયો. આ પત્થરના પોલાણમાંથી પાણીનું ધસમસતું વહેણ બહાર આવ્યું. આ પત્થરની ગુફાઓમાં પૂ. માને એક ગુફા બહુ પસંદ પડી.

"આ ગુફામાં કૂદકો મારીને ધ્યાન કરવા બેસવું જોઈએ." ત્યાંથી અમો સર્વે લગભગ ચાર વાગ્યાની આસપાસ Jasper Town ની નજીકમાં આવેલા આથાબાસ્કા ધોધ (Athanbasca Fall) આગળ આવી પહોંચ્યાં. સુંદર મઝાનો ધોધ–પૂ. માને ધોધના પ્રપાતથી થતા પાણીનું ગુંજન ખૂબ જ ગમ્યું. બાજુમાં જ આથાબાસ્કા નદી વહી રહી હતી. નદીના કિનારા પર સુંદર મઝાના મોટા મોટા પત્થરો, આ પાછળ ગગનચુંબી પહાડો–જાણે કે ભારતના સાતપુડા પર્વતની હારમાળાઓ જોઈ લો. કુદરતી સૌંદર્યથી ભરપૂર એવી આ જગ્યા પૂ. માને ખૂબ જ ગમી. તેઓ એક મોટા પત્થર પર જઈને બેસી ગયાં. તે વખતનું દૃશ્ય જાણે કે પેલા પત્થર પર બેઠેલા શીરડીના સાઈબાબાની યાદ દેવડાવતું હતું. પૂ. મા આ પત્થર પર ચડીને ધ્યાનમાં બેસી ગયાં! અમો સર્વેએ પણ પૂ. માની આસપાસ નાના મોટા પત્થરો પર આસન જમાવ્યું. સંતોને પ્રકૃતિની ગોદ કેટલી બધી વ્હાલી હોય છે તેનું ભાન થયું. પૂ. મા આ આહ્લાદક વાતાવરણમાં લગભગ 30 મિનિટ સુધી ધ્યાનમાં એક નિશ્ચેષ્ટ પૂતળાની માફક જ બેસી રહ્યાં. સંતોના વિચારોને અને કાર્યોને સમજવા માટે આપણા જેવાં સામાન્ય

માણસોમાં જરા યે દૃષ્ટિ હોતી નથી. ખરેખર સંતોની દુનિયા નિરાળી–અનોખી અને મનમોજીલી હોય છે. પ્રભુ–મસ્તી એમની રગેરગમાં ઉછળતી હોય છે. આવા સુંદર વાતાવરણમાં પૂ. માની પ્રસન્નતા અનેક ઘણી વધી જતી હોય તેવો અનુભવ થયો. કોઈએ સાચે જ ગાયું છે કે–

"સંતોની સાધનાને જાણે કોઈ વીરલા,
જાણે તે મહાસુખ માણે જીરે,
સંતોએ શોધ્યાં સ્થાન પ્રકૃતિની ગોદમાં
પ્રકૃતિનાં પુણ્યફળ મીઠાં જીરે."

ધ્યાનના અંતે પૂ. માએ ગુરુદેવની બાવની ગાવાનું શરૂ કરતાં અમે સૌ જોડાયા અને અંતમાં બધી બહેનોએ ઝીલી પૂર્ણ કરી.

Jasper અને Athabascaની આસપાસના પ્રદેશોની કુદરતી શોભાનું વર્ણન ગમે તેટલી અતિશયોક્તિથી ભરપૂર અલંકારી ભાષામાં કરવામાં આવે તો પણ તેને સંપૂર્ણ ન્યાય આપી શકાય તેમ નથી. સુંદર મઝાના બરફીલા પહાડોની ટોચો અને અનેક ઝડપી વેગથી દોડતાં ઝરણાં ભારતના હિમાલય અને કાશ્મીરની યાદ આપી જતાં હતાં. એમાંય જ્યારે હું શ્રી વાસુદેવભાઈ સાથે વાતો કરતો હતો ત્યારે તેઓએ કહ્યું કે આ જગ્યાને કેનેડાનું "Little Switzerland" ("નાનું સ્વીટઝરલેન્ડ") કહેવામાં આવે છે. પૂ. માએ આવી સુંદર જગ્યાએ આવીને સેવાનો લાભ આપ્યો તે બદલ અમોને પણ ઘણો જ આનંદ થાય છે." ખરેખર, પૂ. મા આ પર્વતમાળાની શોભાથી, નિર્મળ નદીના પ્રવાહથી અને શાંત અતિ–પ્રશાન્ત વાતાવરણથી ખૂબ આનંદિત થઈને પૂ. યોગેશ્વર પ્રભુના ગુણગાન ગાવામાં અને ગવડાવવામાં અકલ્પનીય ધન્યતા અનુભવતાં હતાં.



સંતો કોઈનાથી બંધાયેલા હોતા નથી. તેઓ તો મુક્ત રીતે આ પ્રમાણે વિહાર કરતા જ રહે છે. પૂ. માના મનમંદિરમાં પ્રભુ–પ્રત્યે રહેલો પ્રેમ આ રીતે ખુલ્લા વાતાવરણમાં સર્વે શ્રેષ્ઠ પરાકાષ્ઠાએ પહોંચેલો જોવા મળ્યો. આવી રીતે યાત્રાઓ કરીને અને કરાવીને સંસારના વ્યવહારોથી મુક્ત વાતાવરણમાં તેમનાં બાળકોને ઈશ્વર-ના અસ્તિત્વનો અને કૃપાનો સહજ અનુભવ કરાવી આધ્યાત્મિક શિક્ષણ આપવાનું મહાન કાર્ય અનોખી રીતે કરતાં હોય તેમ અનુભવ્યા વિના રહેવાતું નથી.

ચાર વાગ્યાનો સમય હતો. વાસુદેવભાઈ અમોને સર્વેને Colambia Icefield જોવા 93–South પર લઈ જઈ રહ્યા હતા. પાંચ વાગ્યાની આસપાસ અમો આ Athabasca Glacier પર આવી પહોંચ્યા. સૂર્યનારાયણનાં પ્રખર કિરણોથી વાતાવરણ બરા-બર તપેલું હતું. છતાંય આ Glacier (બરફના સરકતા પહાડો) આગળ આવતાં ઠંડીનો અનુભવ કરવા લાગ્યાં. દરેકે દરેકજણે સ્વેટર્સ ચઢાવી દીધાં. અરે! આ મુન્નીએ તો વીન્ટરકોટ પણ પહેરી લીધો, છતાંય વારંવાર કહેવા લાગી કે ઠંડી બહુ લાગે છે. પરંતુ પૂ. માનું મનોબળ તો જુઓ! ૭૨૦૦ ફૂટની ઊંચાઈએ સહજરીતે સરળતાથી બધા સહયાત્રીઓ સાથે વાતો કરતાં કરતાં આ બરફીલા પહાડો પર ચાલવા લાગ્યાં. ચારેબાજુ મોટા મોટા બરફના પહાડો જ દેખાવા લાગ્યા. સ્વર્ગ કેવું હોય તે તો જોયું નથી, પરંતુ જાણે કે પૃથ્વી પર સ્વર્ગ ઉતરી આવ્યું હોય તેવું મનને પ્રફુલ્લિત કરે તેવું દૃશ્ય લાગવા માંડયું. થોડા ફોટા પાડયા. શ્રી વિનોદભાઈએ દોડાદોડી કરીને મુવી પણ ઉતારી. પૂ. માની વાત મને યાદ આવી, "માંહી પડયા તે મહા સુખ માણે? અને તીરે ઊભા તે જોયે તમાસો.." શ્રી યોગેશ્વરપ્રભુને યાદ કરીને

જણાવેલું કે દુનિયામાં જોવા લાયક વસ્તુઓને જોઇને જાણીને જ્ઞાન પ્રાપ્ત કરવું જોઇએ. આ ગ્લેસીઅર પર જવા માટે કોઇ પગદંડી રસ્તો ન હતો. પત્થરો અને ટેકરાઓ વાળી જગ્યા પર થઇને જ જવાનું હતું. છતાંય જ્યારે અમે આ બરફીલી જગ્યા પરથી નીચે ઉતરવાનું શરૂ કર્યું ત્યારે પૂ. માએ એક નાનકડા બાળકની પેઠે દોટ લગાવી અને ફક્ત ૩ મિનિટની અંદર જ નીચે ઉતરી ગયાં! પૂ. મા સાથે હું પણ દોડીને નીચે ઉતર્યો ત્યારે પૂ. મા ગમ્મત કરતાં મોટેથી બધાંને સંભળાય તે રીતે કહેવા લાગ્યાં કે, "જયંતી, જો એન્જીનથી ગાડીના ડબ્બા છૂટા પડી ગયા, પેલા અથડાતા અથડાતા નીચે ધીરે ધીરે આવી રહ્યા છે." મેં ઉપર નજર નાંખી જોયું તો ઉર્મિલા, હંસાબેન, પ્રભુદાસભાઇ, અંબુભાઇ અને રૂક્ષ્મણીબેન સાથે પદ્માબેન પોતાના શરીરને જરાપણ ઇજા ના થાય કે ગબડી ના પડાય તેવી સાવચેતીથી ધીરે ધીરે અમારા તરફ આવી રહ્યાં હતાં. સાંજના સાત વાગી ગયા હતા. પરંતુ આ West Canadaની અજાયબી એ હતી કે સૂર્યનારાયણ નવથી સાડા નવ વાગ્યા સુધી અચૂક હાજરી આપવાની કૃપા અમારી યાત્રા દરમ્યાન કરી રહ્યા હતા.

અમો જ્યારે ગ્લેસીયરને વિદાય આપીને Lake Lousies Innમાં આવ્યા ત્યારે લગભગ સાડા આઠ થયા હતા. પૂ. માની અને પૂ. ગુરુદેવની બેઠક તૈયાર કરી દીધા પછી અમે સૌ અમારા ઉતારે ગયાં. બ્હેનોએ ગરમા ગરમ ખીચડી–શાક–પાપડ અને અથાણાંનું ભોજન ફક્ત કલાકમાં તૈયાર કરી દીધું. રૂમો ઘણી જ મોટી, કીચનની વ્યવસ્થાવાળી અને ખૂબ ચોખ્ખી હતી. બધા ભાઇઓએ સ્નાનવિધિ પતાવ્યા પછી ભોજનને ન્યાય આપ્યો. પૂ. મા ત્યાર પહેલાં ઊભાં ઊભાં રૂમમાં આવ્યાં અને વ્યવસ્થાનું



નિરીક્ષણ કરી ગયાં અને શ્રી વાસુદેવભાઇ સાથે આટલું બધું ફરીને આવ્યાં હોવા છતાં ચાલતાં ફરવા નીકળી પડયાં.

સાડા દશ વાગ્યે પૂ. માની રૂમમાં અમે સૌ સત્સંગ માટે એકત્રિત થયા. પૂ. માએ યાત્રાનો મહિમા સમજાવતાં જણાવ્યું કે યાત્રા જીવનમાં ઘણાં બધાં પરિવર્તન લાવે છે. યાત્રાથી ઈશ્વરનું સ્મરણ થાય છે. સમૂહજીવનની અને તકલીફોને આનંદથી વધાવી લેવાની તાલીમ પ્રાપ્ત થાય છે, અને જીવનમાં રહેલી કુટેવોનો ત્યાગ પણ થાય છે. યાત્રાથી ઉદારતા અને સેવાભાવનાની જાગૃતિ થાય છે. તમારા બધામાં સહકાર અને સંપની ભાવના જોઇને અમોને આજે ઘણો આનંદ થાય છે. પૂ. માએ "વંદન કરું પ્રભુ ચરણોમાં આજે" પ્રાર્થના ગાઇ અને સત્સંગની પૂર્ણાહુતિ કરી. યોગેશ્વર પ્રભુની બાવની અને પૂ. માની બાવની પણ બોલવામાં આવી હતી. સર્વે યાત્રીઓ પોતાના ઉતારે જઇને સૂઇ ગયા.

બીજા દિવસે સવારે શ્રી વાસુદેવભાઇની આગેવાની નીચે Lake Lousies View જોવા માટે નીકળી પડયા. તા. ૨૮–૮–૯૨ ને શુક્રવારનો આ દિવસ ૨૪$^{\circ}$ ટેમ્પરેચરવાળા સૂર્યના તડકાથી ભરપૂર હતો. આ જગ્યા અતિ રળિયામણી હતી. કુદરતી સૌંદર્ય ભૂરપૂર અને અતિ આકર્ષક હતું. મનને આનંદ અને આંખોને ઠંડક આપે તેવાં સરસ દૃશ્યોથી આ જગ્યા ધરતીમાતાની સુશોભીતતાનાં દર્શન કરવાની હતી; તો બીજી બાજુ નાના મોટા પર્વતોનાં ગગનચુંબી શિખરો સફેદ સાડી પહેરીને અમારા સૌનું સ્વાગત કરતાં હતાં. કેનેડાની ૨૦ ડોલરની નોટ પર જે દૃશ્યનું ચિત્ર છાપવામાં આવ્યું છે તે જગ્યાનો અમે આ રીતે આનંદ લૂંટી

રહ્યા હતા. પૂ. માના અને સહયાત્રીઓના સુંદર મઝાના ફોટા પાડવામાં આવ્યા–વીડીઓ પણ આ સંસ્મરણોને તાજા કરવા માટે લેવામાં આવ્યો.

ત્યાંથી અમો સર્વે Banff-Caves અને Hot-Water Fountain (ગરમ–પાણીના ફૂવારા) જોવા માટે ગયા. આ જગ્યા પણ દરિયાની સપાટીથી લગભગ ૭૦૦૦ ફૂટની ઊંચાઈએ આવેલી છે. અમારૂં વાન છેક સુધી જઇ શક્યું હતું. આ ગરમ પાણીના ફૂવારા પાછળનું વૈજ્ઞાનિક કારણ એ હતું કે જમીનના ગર્ભમાં અને પહાડોના અંદરના ભાગમાં ગંધક (Sulpher)ની રાસાયણિક પ્રક્રિયા થાય છે, તેથી પાણી જ્યારે આ ગંધકના સ્તરમાં થઇને પસાર થાય છે ત્યારે રસાયણશાસ્ત્રના નિયમ પ્રમાણે ગરમ પાણીના ફૂવારારૂપે કુંડમાં એકત્રિત થાય છે. આ ગરમ પાણીમાં સલ્ફર ડાયોક્સાઇડ ભેળવાઇ ગયેલો હોવાથી તેમાં સ્નાન કરવાથી કેટલાક ચામડીના રોગોની નાબુદી સહેલાઈથી થઇ જાય છે, પૂ. માએ જ્યારે આ વાતને જાણી ત્યારે તરત જ બોલી ઉઠયાં કે "અરે, આપણા દેશમાં હિમાલયના બદ્રીકેદાર અને ગંગોત્રી–જન્મોત્રીના ઉના પાણીના કુંડમાં લોકો ચામડીના રોકો નાબુદ થાય તે હેતુથી ઘણા બધા સ્નાન કરે છે. પરંતુ દરેકમાં કેટલીબધી અંધશ્રદ્ધા રહેલી હોય છે, કારણકે તેનું સાચું જ્ઞાન તેમને કોઇની પાસેથી મળતું નથી હોતું."

અહીં–હવે થોડી ઠંડી વધી રહી હતી. આ જગ્યા પરથી Gondola Mountain પર જવાનું હતું. Roap wayમાં બેસવાનું હતું. પૂ. મા અને બહેનો એકમાં બેસી ગયાં અને ભાઇઓ બધા એક સાથે બેઠા. લગભગ ૮૦૦૦ ફૂટની ઊંચાઇએ આ પર્વતની



ટોચ આવેલી હતી. રસ્તામાં સુંદર મઝાનાં લીલાંછમ ગગનચુંબી પાઇન–વૃક્ષો જોવાની મઝા આવતી હતી. ધુમ્મસ અને વાદળોના ગોટેગોટા અમારી આજુબાજુ ઘેરાઇ ગયા હતા. ૨૦ મિનિટ બાદ અમે આ પર્વતની ચોટ ઉપર ઉતર્યા. પૂ. મા સાથે અમો બધા ત્યાં બહાર ઊભા હતા અને લગભગ પાંચ મિનિટ માટે બરફ–વર્ષા મોટા મોટા બરફના ટૂકડા સાથે થઇ. પૂ. માની કૃપાથી આમ ઓગષ્ટ જેવા ગરમ ઉનાળાના દિવસોમાં પણ બરફ–વર્ષા જોવાનો અમને અચાનક લાભ મળ્યો. ત્યાંથી અમો જ્યારે નીચે ઉતર્યા ત્યારે બપોરના બે વાગ્યા હતા. રસ્તામાં અમોએ બપોરનો અલ્પા-હાર કર્યો. અને Hwy 2 લઇને Fort-Macloud નામના શહેરની Century II મોટલમાં ઉતર્યા, ત્યારે સાંજના સાત વાગ્યા હતા.

સાંજના ભોજનને ન્યાય આપીને પૂ. માની આજ્ઞાથી અમે સર્વે સત્સંગ માટે એકત્રિત થયા. પૂ. માએ હળવી ટકોર પણ કરી–જ્યારે અમોએ આજે બપોરે Canmore Information Centre આગળ બપોરનું ભોજન લીધું ત્યારે અમારા પગમાં પગરખાં હતાં. જેથી પૂ. માએ બાળકોને ઠપકો આપતાં જણાવ્યું કે જ્યારે ભોજન લો–ગમે ત્યારે ગમે તે પરિસ્થિતિ કે સંજોગોમાં હોવ–છતાં પણ પગરખાં કાઢીને જ એક સાચા ભક્તને છાજે તેવી રીતે જ ભોજન લેવું જોઇએ. આમ પૂ. મા નાનામાં નાની બાબતનું પણ કેટલું બધું ધ્યાન રાખે છે– અને તેમનાં પોતાના બાળકોને ભક્તોના લક્ષણોનું ભાન કરાવે છે. સત્સંગમાં પૂ. યોગેશ્વર પ્રભુની અને પૂ. માની બાવની બોલવામાં આવી. પૂ. માની આજ્ઞાથી શ્રી અંબુભાઈ લાડે અને શ્રી પ્રભુદાસભાઈએ પોતાના જીવનના યાદગાર પ્રસંગો વર્ણવતાં જણાવ્યું કે પૂ. માની કૃપાથી જીવન વધારે શુદ્ધ અને પ્રભુમય બન્યું છે. પ્રાર્થનાને

મહત્ત્વ અપાયું અને કૌટુંબીક સંગઠન થતાં એકબીજા પ્રત્યે આદરભાવની ભાવના જાગી. શ્રી પ્રભુદાસભાઇએ તેમના પુત્ર રોહિતમાં થયેલા પરિવર્તનની વાત કરતાં જણાવ્યું કે પૂ. માના આગમનથી જ અમારા આ બાળકમાં સંપૂર્ણ શાકાહારી બનવાના વિચારો જાગ્યા. ખરેખર પૂ. માના આ ઉપકારોને અમે કદી ભૂલીશું નહીં. પૂ. માએ પૂ. યોગેશ્વર પ્રભુની થોડી વાતોચીતો કરી–પ્રાર્થના કર્યા બાદ અમો સર્વે છૂટા પડયા.

તા. ૨૯–૮–૯૨ અને શનિવારનો આ દિવસ અમારી યાત્રાનો છેલ્લો દિવસ હતો. આ ત્રીજા દિવસે અમારે અહીંથી Hwy ૩ અને ૬ સાઉથ, લઈને Waterton (વૉટર–ટન) Parkમાં જવાનું હતું. દરરોજના નિયમ પ્રમાણે પ્રણામ, પ્રાર્થના અને બાવની પૂ. માની રૂમમાં પૂર્ણ કર્યા બાદ અમે સૌ વાનમાં ગોઠવાઇ ગયા. પૂ. માએ આ ત્રણ દિવસ દરમ્યાન દરેકને વાન ચલાવવાનું કામ સોંપ્યું હતું. આજે પૂ. માએ વાનમાં બધાંને કાજુ અને ફળફળાદિનો પ્રસાદ આપ્યો. વાનમાં પણ ભજનો, ધૂન અને બાવનીની રમઝટ ચાલતી રહી. ત્યાર પછી બધી બહેનોએ અર્ઘ્ય અને અંજલિનાં ભજનો પણ ગાયાં. પૂ. મા ખૂબ જ પ્રસન્ન હતાં–અંજલિ અને અર્ઘ્યનાં કેટલાંક ભજનોનો રાગ પણ મસ્ત અદાથી ગાઇને પૂ. માએ શીખવાડયો. વાનમાં ખરેખર ખૂબ જ મઝા આવતી હતી. શ્રી પદ્માબેનને પણ એટલો બધો આનંદ મળતો હતો કે ન પૂછો વાત. બાર વાગે અમો આ વૉટર–ટર્ન પાર્કમાં આવી ગયા. ત્યાં અચાનક અમને એક સુંદર મઝાની નાનકડી પરેડ જોવાનો લાભ મળ્યો. આ પરેડ સામાન્ય પરેડ કરતાં જુદી હતી. રેડ–ઇંડીયન્સના રંગબેરંગી પોષાકો ઊંચા કદાવર ઘોડા અને જુદા જુદા પ્રકારની મોટી વોક્સવેગન જેવી ગાડીઓમાં નાની નાની બાળાઓ અને બાળકો હાસ્યની



રેલમછેલ સાથે એક પ્રકારનું આગવું આકર્ષણ જમાવી પ્રેક્ષકોને આનંદ આપવાનું સૌથી અગત્યનું કામ કરતાં હતાં.

અહીંથી થોડે દૂર આવેલા Water ton fallની મઝા અનોખી હતી. સફેદ કાચ જેવું પાણી બસોફૂટની ઊંચાઇએથી નીચે પડતું હતું. અમો સૌએ આ આકર્ષક જગ્યા પર અડધો કલાક સુધી વિહાર કર્યો, ફોટા પાડયા. પૂ. મા વારંવાર રમુજ કરાવતાં હતાં, ખૂબ જ મઝા આવતી હતી. Water ton Park એ એક મોટી વિશાળ જગ્યા હતી. અમારે અહીંયાં બોટ–રાઇડ લેવાની હતી. બોટ ઘણી જ મોટી હતી અમોને બોટની પાછળનો આખો ભાગ બેસવા માટે મળી ગયો હતો. આ મોટા તળાવનું પાણી ૧૫૦ ફૂટ ઊંડું હતું. અમો આ લેઇકની બરોબર વચ્ચે આવ્યા ત્યારે ગાઇડે જણાવ્યું કે આ જગ્યાએથી કેનેડા અને યુ. એસ. એ.ની બોર્ડર શરૂ થાય છે. આજુબાજુ અતિ સુંદર વૃક્ષો, પહાડો અને પાણીના સંગમથી કુદરતી બે–નમૂન કારીગરીના દૃશ્યોનું નિરીક્ષણ કરવા-નો અનેરો લાભ પ્રાપ્ત થતો હતો. પૂ. મા પણ શાંત ચિત્તે પ્રભુ-લીલાના પ્રાકૃતિક સૌંદર્યનું પાન કરી રહ્યાં હતાં. પૂ. મા સાથેની યાત્રા એટલે સર્વપ્રકારનાં સ્વર્ગીય સુખની પ્રાપ્તિ. બોટમાંથી નીચે ઉતર્યા. પાણીમાં પણ ગયાં અને નાનાં બાળકોની પેઠે પત્થરો નાંખીને પાણીમાં વમળો પેદા કર્યાં. આનંદમાં ને આનંદમાં આખો દિવસ ક્યાં પસાર થઇ ગયો, તેની ખબર સુદ્ધા ના પડી.

જ્યારે અમો પાછા આવ્યા ત્યારે લગભગ–ચાર વાગ્યા હતા. પૂ. માની આજ્ઞાથી સર્વે સહયાત્રીઓ સાથે અમો રાત્રિના ૯–૩૦ વાગે શ્રી વાસુદેવભાઇને ત્યાં આવી ગયા. પ્રાર્થના–બાવની કર્યા બાદ ગરમાગરમ ભોજનને ન્યાય આપ્યો. અને સર્વે ઘસઘસાટ ઊંઘી ગયા!

૩૦ મી તારીખને રવિવારના રોજ અમે એકદમ નવી દુનિયામાં આવી પહોંચ્યા. બિલાડીના ટોપ (છત્રી) જેવા આકારની સુંદર પર્વતમાળાઓ જોવાનો લાભ મળ્યો. આ જગ્યાને Drum Heelerના નામથી ઓળખવામાં આવે છે. કુદરતનું સર્જન અનેક અજાયબીઓથી ભરપૂર છે તેનો ખ્યાલ આવ્યો. ત્યાંથી થોડે દૂર આવેલા કાયાનાસોર મ્યુઝીયમમાં ગયા. મ્યુઝીયમનું સૌથી મોટું આકર્ષણ ડાયનાસોરનું જબરજસ્ત મોટું હાડપીંજર–ભયાનક બીક લાગે તેવું હતું. પૂ. માએ આ જગ્યાને ફરીને જોઇ તો ખરી પણ હું ધારું છું તે પ્રમાણે સંપૂર્ણ પ્રસન્નતા ન અનુભવી. રસ્તામાં પાછા આવતાં Animal Farm (Guzoo Farmd)ની મુલાકાત લીધી. જુદાં જુદાં પ્રાણીઓ જોવાનો લાભ મળ્યો. બકરી, ગાય, હરણાં, જીરાફ તેમ જ સિંહ અને વાઘની પણ મુલાકાત થઇ. અહીં ખરેખર એક અદ્‌ભુત ઘટના બની.

આ એનીમલ ફાર્મમાં એક મોટો સાઇબીરીયન વાઘ હતો. અમો પૂ. મા સાથે જેવાં નજીક ગયાં કે તરત જ વાઘે મોંસના લોચાને ખાવાનું બંધ કરી દીધું. પૂ. માની સામે ટગર ટગર જોવા માંડયો. પૂ. મા પણ તેની સામે એક નજરે જોવા માંડયાં. વાઘ થોડી વાર પૂ. મા જે તરફ ચાલતાં હતાં તે તરફ જવા માંડયો, અને જેવાં બધાં ઊભાં રહ્યાં કે તર જ પૂ. માની સામે જાણે પ્રણામ કરતો હોય તેમ બેસી ગયો. આમ બે ત્રણ વાર કર્યું. મને ખરેખર શિરડીના સાઇબાબાનો વાઘનો પ્રસંગ યાદ આવ્યો. આગળ ચાલતા હતા ત્યાં તો સુંદર મઝાનાં હરણાં દોડાદોડ કરતાં હતાં. મોટી મોટી ગાયો પણ આ જગ્યા પર જોવાની મળી. ફાર્મના માલિકને મળીને ગાયોનું દૂધ મોટા મોટા યંત્રોથી કેવી રીતે કાઢવામાં આવે છે તેની માહિતી મેળવી. ત્યાંથી અમોએ ૮



લીટર તાજુ દુધ પણ ખરીદ્યું. અહીં આ ફાર્મમાં રહેતા બધા માણસોનું મન નિર્દોષ સરળ અને આનંદિત સ્વભાવનું લાગ્યું. ખરેખર પૂ. માને અને અમોને જુદા જુદા પ્રાણીઓની જુદી જુદી રીતભાત જોઇને ઘણો જ આનંદ થયો.

સાંજના સાત વાગી ગયા હતા. અમે સર્વે અમારા વાનમાં ગોઠવાઇ ગયા અને ન્યુજર્શીવાળા વિનોદભાઇને વાનના સૂત્રધાર બનાવ્યા–લગભગ દશ વાગ્યાની આસપાસ મૂળ સ્થાન પર આવી ગયા.

આમ વિદેશની ધરતી ઉપર પૂ. મા શ્રી સર્વેશ્વરીના સાન્નિધ્ય-માં અમારી આ યાત્રા પૂરી થઇ. એનો આનંદ અવર્ણનીય હતો. નવરાશની પળોમાં એ વાગોળવાનો ગમે એવો સરસ આનંદ પૂ. માની કૃપાથી મળ્યો. તે એમની જ કૃપાને આભારી. એમનો જય હો, જય હો, જય હો.

●

**અંબાજીમાં ક્યાં ઉતરશો?**
" સ્વર્ગારોહણ "
માતાજી જ્યોતિર્મયી વિશ્રામગૃહ
" સ્વર્ગારોહણ ", દાંતા રોડ, અંબાજી. ટે. નં. ૨૨૬૯
(ઉ. ગુ.) ૩૮૫૧૧૦

# સંન્યાસ અને સંન્યાસી

યોગાચાર્ય શાન્તિકુમાર જ. ભટ્ટ

સાચા સંન્યાસી કેવા હોય તેનું પ્રત્યક્ષ ઉદાહરણ આપણને પૂજ્ય યોગેશ્વરજીના જીવન ઉપરથી મળી રહે છે તો સાચા સંન્યાસી વિશેના નિયમો યોગેશ્વર શ્રીકૃષ્ણે શ્રીમદ્ ભગવદ્ગીતામાં રજુ કર્યાં છે.

હિંદુ સંસ્કૃતિમાં બ્રહ્મચર્યાશ્રમ, ગૃહસ્થાશ્રમ અને વાન-પ્રસ્થાશ્રમ પછી સંન્યાસાશ્રમનું સ્થાન હતું. આશ્રમ શબ્દનો સાચો અર્થ આ + શ્રમ અર્થાત્ પૂરેપૂરો શ્રમ કરવાની અવસ્થા એવો થાય છે. સામાન્ય ખ્યાલ એવો છે કે જીવનની ચોથી વયમાં અર્થાત્ ૭૫ વર્ષની વયે મનુષ્યે સંન્યાસ લેવો જોઈએ. પાસે કોઈ માલમિલ્કત રાખવાની નહીં, વિચરણ કર્યા કરવાનું અને છેવટે મૃત્યુ પામવાનું !

શાસ્ત્રમાં માત્ર આયુષ્યની ચોથી જ અવસ્થામાં સંન્યાસ ગ્રહણ કરવો એવો સર્વમાન્ય નિયમ નથી. સંન્યાસ ગ્રહણ કરવાનો વિચાર થાય એ દિવસે જ સંન્યાસ લઈ લેવાનો પણ શાસ્ત્રમાં ઉપદેશ છે. (यदहरेव विरजेत् तदहरेव प्रव्रजेत्) આ બીજા પ્રકારનો સંન્યાસ ગ્રહણ કરવા કોઈ વિધિ નથી.

પ્રાચીન સમયમાં સંન્યાસી ચાર પ્રકારના હતા.

૧. **કુટીચક** પ્રકારના સંન્યાસી ગામમાં કે ગામ પાસે દીકરાએ બાધી આપેલ કુટિરમાં રહેતા તથા પુત્ર કે સગાંસંબંધી તરફથી મળતી ભિક્ષાથી જીવનનિર્વાહ કરતા.



૨. **બહૂદક** સંન્યાસી સાત ઘેર ભિક્ષા માંગી નિર્વાહ કરતા અને માંસ, મીઠું તથા ઠંડા ભોજનનો ત્યાગ કરતા.

૩. **હંસ સંન્યાસી** ગામમાં એક દિવસ અને નગરમાં સાત દિવસ રહેતા, ૧૧ માસ ભિક્ષા માંગતા અને એક માસ ઉપવાસ કરતા.

૪. **પરમહંસ સંન્યાસી** વૃક્ષ નીચે, નિર્જન ઘરમાં, દેવાલયમાં કે સ્મશાનમાં રહેતા, માત્ર એક જ વસ્ત્ર પહેરતા કે નગ્ન રહેતા. એમને ધર્મકર્મના વિધિનિષેધ ન હતા. તેઓ કોઈના પણ ઘરની ભિક્ષા સ્વીકારતા. તેઓ દ્વન્દ્વમુક્ત, સમદર્શી તથા સર્વાત્મા હતા. આવા સંન્યાસી સર્વોત્તમ ગણાતા.

વાનપ્રસ્થ અવસ્થા ચિંતન, મનન તથા તપની અવસ્થા હતી, તો સંન્યાસ અવસ્થા બ્રહ્મજ્ઞાનની સાધનાની અવસ્થા હતી. વેદોમાં વાનપ્રસ્થ તથા સંન્યાસ એ શબ્દો નથી. 'યતિ' શબ્દ ત્યાં જાદુ-મંતર કરનાર માટે વપરાયો છે. વેદમાં 'મુનિ' શબ્દ છે પણ તે સંન્યાસીના અર્થમાં વપરાયો નથી. સંન્યાસ આશ્રમની શરૂઆત વેદના સમયથી નહીં પણ ઉપનિષદના સમયથી થઈ છે. બૃહ-દારણ્યક ઉપનિષદમાં મુનિ યાજ્ઞવલ્ક્યે સંન્યાસ માટે 'પ્રવ્રજ્યા' શબ્દનો પ્રયોગ કર્યો છે. આ શબ્દને બૌદ્ધોએ ખૂબ જ પ્રચલિત કર્યો.

વેદાંત અને સંન્યાસનો સંબંધ નિકટનો છે, કારણ કે સંન્યાસ આશ્રમ આત્મજ્ઞાનની સાધનાની અવસ્થા છે.

સંન્યાસ લેવાનો અધિકાર જાબાલ ઉપનિષદ હરિજનોને પણ આપ્યો છે. મહાભારતે એને સમર્થન આપ્યું છે. સાચા સંન્યાસી ધર્મ, જ્ઞાતિ અને જાતિના ભેદથી પર હોય છે.

કેટલાક શાસ્ત્રોએ કલિયુગમાં સંન્યાસ આશ્રમ રદ કરવાની આજ્ઞા કરી છે કારણકે કલિયુગમાં સંન્યાસીનો વેષ ધારણ કરી લોકોને ઠગનારા સંન્યાસીઓની સંખ્યા ઘણી જ મોટી છે. સમાજની કશી જ સેવા ન બજાવતા, માંગીરખડીને પેટ ભરતા બનાવટી સંન્યાસીઓ, ચોરીઓ કરી પકડાઇને જનતાનો માર ખાતાં પણ જોવામાં આવ્યા છે.

સ્વામિનારાયણ સંપ્રદાયમાં વાનપ્રસ્થાશ્રમની મનાઇ ફરમાવાઇ છે, કારણ કે હવે કોઇ સ્વતંત્ર રીતે વનમાં ફાવે તેમ રહી શકે તેમ નથી. આને બદલે સંપ્રદાયમાં ઘેર રહીને, કૌટુંબિક આસક્તિ તથા વ્યવહાર છોડી ભક્તિ કરવાની આજ્ઞા અપાઇ છે.

મનુ ભગવાને સંન્યાસીઓને પગ નીચે જંતુ ન કચરાય તેવી રીતે ચાલવાની, વસ્ત્રથી ગળીને જ પાણી પીવાની, સત્ય વાણી ઉચ્ચારવાની તથા મન પવિત્ર રહે તે પ્રમાણે વર્તવાની આજ્ઞા કરી છે.

યોગેશ્વર શ્રીકૃષ્ણના સમયમાં માત્ર જ્ઞાન કે માત્ર ભક્તિની જ સાધના કરનાર છતાં સમાજ ઉપર પોતાના જીવનનિર્વાહનો બોજો નાંખી સમાજની કશી સેવા ન કરનારા અને માત્ર સ્વાર્થી હેતુથી આધ્યાત્મિક સાધના કર્યા કરતા સંન્યાસીઓ ઘણા હતા. આથી શ્રીમદ્ ભગવદ્ગીતામાં એમણે સંન્યાસ અને સંન્યાસી વિશે ક્રાન્તિકારી ખ્યાલો રજૂ કરી સંન્યાસીના વિશિષ્ટ ધર્મો રજૂ કર્યા છે.

અર્જુન પ્રણાલિકાગત સંન્યાસીનો પરોક્ષ ઉલ્લેખ કરતાં શ્રીકૃષ્ણને કહે છે કે મહાનુભાવ વડીલોનો યુદ્ધમાં નાશ કરવો એના કરતાં ભીખ માંગીને જીવવું વધારે સારું. સાંખ્યયોગી જીવન



જીવે છે, પરંતુ પોતાના તમામ કર્મોનાં ફળ પરમાત્માને જ અર્પણ કરે છે. ન્યાસ એટલે પારકી થાપણ અથવા અર્પણ કરવાની ક્રિયા. પરમાત્માએ સર્વ કંઇ થાપણરૂપે આપ્યું છે તે સર્વ પરમાત્માને જ અર્પણ કરવું એ જ યોગેશ્વર શ્રીકૃષ્ણના મતે સાચો સંન્યાસ છે. પરમાત્માને શું અર્પણ કરવું, ક્યારે અને કેવી રીતે અર્પણ કરવું, અર્પણ કરનારે કેવી લાયકાત કેળવવી એ સર્વ ગીતામાં સમજાવવામાં આવ્યું છે. એમના સમયમાં સર્વકર્મ ત્યાગને જ સંન્યાસ ગણવામાં આવતો. યોગેશ્વર શ્રીકૃષ્ણ કહે છે કે માત્ર કેવળ સંન્યાસથી જ સિદ્ધિ પ્રાપ્ત થતી નથી.

કર્મફળ પરમાત્માને જ અર્પણ કરાય એ જ સાચો સંન્યાસ છે, પરંતુ તે કર્મ યોગપૂર્વક અર્થાત્ સમત્વબુદ્ધિથી તથા કૌશલ્યથી અર્પણ કરવું જોઇએ. આ જ અર્થમાં યોગ તથા સંન્યાસને વિદ્વાનો એક જ ગણે છે. ગીતામાં જે દ્વેષ, આકાંક્ષા અને દ્વન્દ્વથી મુક્ત હોય તેને જ સંન્યાસ કહેલ છે. તે અધ્યાત્મમાં ચિત્ત પરોવીને સર્વ કર્મો પરમાત્માને અર્પણ કરે છે. આવો યોગયુક્ત સંન્યાસજ સાચો સંન્યાસ છે. અર્થાત્ સંન્યાસી કર્મયોગી હોય જ.

શ્રીમદ્ ભગવદ્ગીતામાં સંન્યાસીના અમુક રંગનાં વસ્ત્રો, અમુક દંડ, મુંડન આદિનો કશો જ ઉલ્લેખ નથી. એટલે સાચા સંન્યાસી થવા માટે આ બધું અનિવાર્ય નથી. પરંતુ સંન્યાસી માટે અધઃપતન થવાની કોઇ કટોકટી ઉત્પન્ન થાય ત્યારે વસ્ત્રનો ભગવો રંગ, દંડ, મુંડન આદિ એને સાવચેત રહેવા જણાવતા હોવાથી એ જરૂરી ગણાય.

સંન્યાસીના સાચા ખ્યાલને સ્વામી વિવેકાનંદે ચરિતાર્થ કરી બતાવ્યો. એક સમયે એક ગુરુભાઇનું મૃત્યુ થતાં એક સંન્યાસી–શિષ્ય રડવા લાગ્યો ત્યારે મોટા સંન્યાસી–શિષ્યે એને ઠપકો

આપતાં કહ્યું કે, 'સંન્યાસીને વળી સુખ શું અને દુઃખ શું? જન્મ શું અને મૃત્યુ શું? આમ રડાય નહીં.'

આ સાંભળી સ્વામી વિવેકાનંદે કહ્યું કે, 'કેમ, સંન્યાસી માણસ નથી? એનામાં શું માનવસહજ લાગણીઓ પણ ન હોય?'

સ્વામી વિવેકાનંદનો પશુપ્રેમ જાણીતો છે. એમણે એવા સંન્યાસીઓ તૈયાર કર્યા કે જેઓ પોતાના કર્મો દ્વારા પરમાત્માની ઉપાસના કરે, મનુષ્યસેવાને પરમાત્માની સેવા માને. સંન્યાસનો આ સાચો ખ્યાલ છે.

જે સમયે શાસ્ત્રો લખાયાં તે સમયે સ્ત્રીઓની સામાજિક સ્થિતિ તથા પરિસ્થિતિ જુદી હોવાથી તે સમયના શાસ્ત્રોએ સ્ત્રીઓ માટે સંન્યાસ દીક્ષાની મનાઈ ફરમાવી હતી, પરંતુ હાલની સુશિક્ષિત, આદર્શવાદી, ધર્માભિમુખ, પુરુષ સમોવડી મહિલાઓને આ નિયમ લાગુ પાડી શકાય નહીં, રામકૃષ્ણ પરમહંસનાં પત્ની શારદાદેવી, આનંદમયી મા ઈત્યાદિ અનેક આદર્શ સંન્યાસિનીનાં ઉદાહરણો મળે છે.

સંન્યાસી પલંગ પર જ સૂએ કે ભૂમિ પર જ સૂએ એવો કોઈ નિયમ કરી શકાય નહીં. કારણ કે એ બંને એને મન એક જ છે. કેટલીક સંન્યાસિનીઓ આભૂષણો પણ પહેરે છે પણ એમને મન સોનાની માળા કે તુલસીની માળા એક જ છે. કેટલાય સંન્યાસીઓ સોનાના તારની રુદ્રાક્ષની માળા, વીંટીઓ તથા ચાંદીની ચાખડીઓ પણ પહેરે છે. પણ એમને મન એ બધાનું મૂલ્ય માટીના ઢેફાથી વિશેષ હોતું નથી. પરંતુ આ બધા માટે ખાસ આગ્રહ રાખે એ સંન્યાસી કે સંન્યાસિની કહેવાય નહીં. આવા બાહ્ય ઉપકરણોથી સાચો સંન્યાસી દૂર રહે તે ઈચ્છનીય છે.



સામાન્ય સંસારી પુરુષો અને સ્ત્રીઓમાં પણ કડક સંન્યાસ વ્રતધારીઓ હોઈ શકે અને તેઓ પણ સાચા સંન્યાસી અને સંન્યાસિનીઓ જેટલા જ પૂજ્ય છે.

સ્વામી વિવેકાનંદે કહ્યું છે કે, 'જેઓ સંન્યાસી છે તેમણે બીજાઓનું ભલું કરવાનો પ્રયત્ન કરવો, સેવાપરાયણ રહી મૃત્યુ સ્વીકારવું. મુક્તિની બાબતમાં બીજાઓને મૂકીને આગળ વધવું એ ખોટું છે. પોતાના ભાઈઓની મુક્તિ માટે પ્રયાસ ન કરનારને મુક્તિ મળી ન શકે. એણે આશ્રમનું ખેતર ખેડવા પણ તૈયાર થઈ જવું જોઈએ. તમારે ઋષિ બનવું જોઈએ.'

આચાર્ય વિનોબા ભાવેએ સંન્યાસ બાબતમાં કહ્યું છે કે : 'સંન્યાસમાં કર્મ ખરેખર છોડવાની આવશ્યકતા નથી પણ ગીતા-ના ૧૪ મા અધ્યાય અનુસાર સાત્ત્વિક, રાજસી અને તામસી એ ત્રણ પ્રકારનું વર્ગીકરણ જોતાં લાગે છે કે રાજસી અને તામસી કર્મોનો સંન્યાસી દ્વારા ત્યાગ યોગ્ય ઠરે છે. ફળનો ત્યાગ એ સર્વોત્તમ કક્ષાનો ત્યાગ છે.

સંસારી મનુષ્ય તમામ પ્રવૃત્તિઓ માત્ર પોતાને માટે તથા પોતાના કુટુંબ માટે કરે છે. કર્મયોગી જીવનનિર્વાહ માટેની પ્રવૃત્તિ ઉપરાંત પોતાનો બાકીનો સમય, બાકીની શક્તિ અને વધારાની સંપત્તિ એ સર્વનો ઉપયોગ સમાજકલ્યાણની પ્રવૃત્તિ માટે કરે છે જેથી સમાજ આધિ, વ્યાધિ તથા ઉપાધિથી મુક્ત રહે. અને સમાજની ધાર્મિકતા તથા સંસ્કારિતા જળવાઈ રહે. સંન્યાસી પોતાનો બધો સમય અને શક્તિ પોતાના તથા સમાજના આધ્યાત્મિક કલ્યાણ માટે ઉપયોગમાં લે છે. આથી આવા સંન્યાસી જ ભિક્ષાના તથા આશ્રમના અધિકારી છે.

સંન્યાસી ગામમાં એક દિવસ તથા નગરમાં પાંચ દિવસ રહી શકે, પણ તીર્થધામમાં એમને કાયમ વસવાની છૂટ અપાઇ છે. સંન્યાસધર્મનો લોપ ન થાય એવી રીતે સંન્યાસીઓ આશ્રમો પણ સ્થાપે અને ચલાવે એમાં કશું ખોટું નથી.

સમાજની ધાર્મિક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, અને આધ્યાત્મિક સેવા બજાવનારા સાચા સંન્યાસીઓ પૂજ્ય તથા સન્માનનીય છે પરંતુ ધુતારા સંન્યાસીઓને અંધશ્રદ્ધાથી પૂજવા તથા સન્માનવા, એમને ધન આપવું તે સાચા સંન્યાસીઓની કુસેવા કરવા બરાબર તથા સમાજમાં આળસુઓ અને ગુનેગારોની સંખ્યા વધારવા જેવું મહાપાપ છે.

## ચૂંટેલાં પુષ્પો

માણસ બધું જ સહી શકે પણ સ્વજનોની ઉપેક્ષા નથી સહિ શકતો.

* * *

જિંદગીમાં ઝેર પીવાનાં નહિ, પચાવવાનાં અને અમૃત વહેંચવાનાં.

* * *

જે કંઇ આપણી પાસે છે એમાં જ પ્રસન્ન રહેવાની કોશિશ કરવી જોઇએ. જે નથી એને વિશે વિચારીને મગજ બગાડવાથી કશો ફાયદો થતો નથી, ઊલટાનું નુકશાન જ થાય છે.



## * જય રણછોડ ! *

જય રણછોડ ! જય રણછોડ !
દિવાલ જુદાઇની હવે તું તોડ !
જય રણછોડ ! જય રણછોડ !

મહાભારત સરજંતો કેવી કેવી ઘેલછાઓમાં મોહી,
ભેદો સરજી સરજી પીતો માનવ માનવનું લોહી,
કેવી ભક્તિ? કેવી શક્તિ? મનના તારા કેવા કોડ?
જય રણછોડ ! જય રણછોડ ! ..૧

સુખ શાંતિની ભૂખ જગાડી ધર્મને નામે રચતો છળ,
અશાંતિની આંધીમાં ભટકે, તો યે ન વળતી સ્હેજે કળ,
કોણ યોગી ને કોણ વૈરાગી? કામના કેરા કેવા મરોડ?
જય રણછોડ ! જય રણછોડ ! ..૨

અનુશાસનનું નામ મળે ના, ચીભડાં ગળતી દિસે વાડ,
લોક હૃદયમાં શ્રદ્ધા રણકે તારા હાથમાં સૌની નાડ,
અનાસ્થામાં અટવાઇ આજે સાચું કહીએ પાડી ફોડ!
જય રણછોડ ! જય રણછોડ ! ..૩

કાળી ટીલી લાગી તુજને કે પછી છે તારી ખોડ,
સાચો હોય તો સત્વર પ્રગટી પમરાવી દે તારી સોડ!
એકતાનું અમૃત પીવડાવી ભક્તો કરી દે સૌને અજોડ!
જય રણછોડ ! જય રણછોડ ! ..૪

— પરમાર્થી

## * ગઝલ *

સકળ સંસારના સંતાપમાં ડૂબી ગયો છું હું,
સતત સુખી થવાના ભાસમાં દુઃખી રહ્યો છું હું;

હવે ભ્રમણા તણા શમણાં મહીંથી બહાર આવું છું,
પ્રભુના નામની મસ્તી મહીં મસ્તી જગાવું છું;

ધરી ચરણે પ્રભુને પ્રાણ પ્યારું આ જીવન ન્યારું,
તરી જાવું ધરા પર અવતરણથી આ જીવન સારું;

અમે આંખો, હૃદય ને મન મહીં ભક્તિ ભરી લીધી,
પછી તનના સકળ તોખારને તિલાંજલી દીધી;

હવે વાણી અને શ્રુતિ વગર નવનાદ સૂણીને!
ધખાવી ચેતના આગોશમાં શ્રદ્ધાની ધૂણીને;

પછી પ્યાલો હળાહળનો અમે શરબત કરી લીધો,
ભીતરની પ્રેરણા ભક્તિ થકી અમૃત કરી પીધો;

'સફર'નો સાર છે સંસાર છે આંટી, ઘૂંટી, આંધી,
સરી જાવું પ્રભુના ધ્યાનમાં અધ્યાત્મને સાધી.

સફર-પાલનપુરી



## * ભૂદરને ભજીએ *

ભક્તિ કરી કરી, ભૂદરને ભજીએ,
કમલવત્ થઈને, રહીએ રે,
નિતનિત તારાં દર્શન થએ તો,
પ્રેમે પૂજન કરીએ રે. ...ભક્તિ૦ ૧

સંસાર સાગરમાં, ગોથાં ખાધાં,
ન કરવાનાં કર્મો, કીધાં રે,
ઠોકરો અમને, વાગી ઘણી પણ,
ચાલતાં નથી, તોયે સીધાં રે. ...ભક્તિ૦ ૨

ગુરુ કહે તે, કાને ન ધરીએ,
ઘાંચીના બેલની જેમ ફરીએ રે,
ચક્કર પર ચક્કર માર્યા ઘણાં પણ,
ત્યાંના ત્યાંજ રહીએ રે. ...ભક્તિ૦ ૩

પાણી વલોવતાં, માખણ નહિ આવે,
ભૂખ વિના ભોજન ન ભાવે રે,
પ્રિત વિના પાનો ન આવે,
એમ દુર્લભજી, સુણાવે રે. ...ભક્તિ૦ ૪

દુર્લભજી ભક્ત (સ્યાદલા)

## * સમજી શકાતું નથી *

જગત બનાવીને ઉસ્તાદિ કરી ગયો છે જે,
જીવો કરીને ઉત્પન્ન રસ ચખાડી ગયો છે તે;
હસું તેની ઉસ્તાદિ પર! કે રડું મારી લાચારી પર,
કે બુદ્ધિ આપી ને બુદ્ધુ બનાવી ગયો છે તે.

* * *

હસવું છે પેટ પકડી હસી શકાતું નથી,
રડવું છે પોક મૂકી રડી શકાતું નથી;
હસવું કે રડવું તે સમજી શકાતું નથી,
પનારા પડયાનું દિલ પરખી શકાતું નથી. હસવું છે૦
જીવવું છે સુખશાંતિમાં, જીવી શકાતું નથી,
મરવું છે પરને માટે, મરી શકાતું નથી;
જીવવું કે મરવું તે સમજી શકાતું નથી,
કાલઝાળ કર્મોથી છટકી શકાતું નથી. હસવું છે૦
લાવ્યો જે પ્રકાશમાં તે છૂપાયો છે અંધારામાં,
ભંડારી દીધો છે મને માયાની જંજાળમાં;
ગોતવો ક્યાં જઇને તેને સમજી શકાતું નથી,
પુસ્તકના પોથામાં સરનામું પકડાતું નથી. હસવું છે૦

— કે. ટી. શાહ



## * પ્રભુલીલા *

(ગાન)

જગત સુંદર રચાયું જે
પ્રભુલીલા અનોખી છે.
ઉષા સુંદર ને સંધ્યા છે
નદી ડુંગર ને ઝરણાં છે,
સૂરજ, તારા ને હરણાં છે
પવન, પહાડો ને પાણી છે—
જગત સુંદર રચાયું જે,
પ્રભુલીલા અનોખી છે.
વસંત, વાયુ ને વર્ષા છે
શરદ, પંખી ને ફૂલડાં છે,
સરસ કુદરત ને સાગર છે
તરુ, ખેતર ને વાદળ છે—
જગત સુંદર રચાયું જે,
પ્રભુલીલા અનોખી છે.
સરસ છે ચાંદની રાતો,
અને અમીયલ સવારો છે.
સમી સાંજો મજાની અહીં,
શિશિર રઢિયાળી આંહીં છે—
જગત સુંદર રચાયું જે,
પ્રભુલીલા અનોખી છે.

— ડૉ. ધર્મેન્દ્ર મ. માસ્તર (મધુરમ્)

# સર્વ સમર્પણ

રણધીર ઉપાધ્યાય

મા આનંદમયીએ એક વખતે ભક્તો સાથેની વાતચીતમાં કહ્યું કે બધી સાંસારિક ચિંતાઓ છોડી ભગવાન પર પૂરેપૂરો આધાર રાખવો જોઇએ. એ આપણું બધું જ સંભાળી લે છે. માને એક દૃષ્ટાંતનું સ્મરણ થવાથી ભક્તોને તે કહી સંભળાવ્યું.

"એક દિવસ સ્વર્ગમાં ભગવાન નારાયણ ભોજન લેવા બેઠા હતા. લક્ષ્મીજી પીરસવા લાગ્યાં. પીરસાયા પછી નારાયણે હાથમાં કોળિયો લીધો. પરંતુ મોંમાં મૂકવાને બદલે પાછો થાળીમાં મૂકી તરત ઉભા થઇ ગયા! અને લક્ષ્મીજીને કહ્યું, "મારા ભક્તને કોઇ મારે છે. તે મને પોકારે છે હું તેને બચાવવા જઉં છું" આમ કહી ભગવાન દોડતા ગયા પરંતુ થોડી જ વારમાં એ પાછા આવ્યા. લક્ષ્મીજીને ખૂબ જ નવાઇ લાગી. તેમણે ભગવાનને પૂછ્યું, "સ્વામી, આમ કેમ? આપ તો જમતાં જમતાં એકદમ દોડયા હતા અને તરત જ પાછા આવતા રહ્યા?" નારાયણે જવાબ આપ્યો. "મારા ભક્તે અતિશય સંકટના સમયે મને બોલાવ્યો તો ખરો, પણ એનો એ લાભ ન લઇ શક્યો. હું મદદ કરવા ગયો ત્યારે મેં જોયું કે એણે આત્મરક્ષણનું કામ મને સોંપવાને બદલે પોતાના હાથમાં લઇ લીધું હતું. મારી મદદની રાહ ન જોઇ. મને એમ લાગ્યું કે એને મારી મદદની જરૂર નથી એટલે હું પાછો આવ્યો."

આપણે સર્વ રીતે ભગવાન પર આધાર રાખવો જોઇએ. સંપૂર્ણ સમર્પણ કરવું જોઇએ. જે સંપૂર્ણ સમર્પણ કરે છે તેને



ભગવાન અવશ્ય સહાય કરે છે. બધી જ ચિંતાઓ, આધિ–વ્યાધિ–ઉપાધિઓ એને સોંપી દેવી જોઇએ અને પ્રાર્થવું જોઇએ, પ્રભુ, તારી જ ઇચ્છા સિદ્ધ થાઓ. તને જે ગમે તે જ મને સ્વીકાર્ય છે. તારો જ મને આધાર છે. "મારી નાડ તમારે હાથે હરિ સંભાળજો રે!" આ ભજનનો ભાવ મનમાં દૃઢ કરી લેવો જોઇએ.

દ્રૌપદીનાં ચીર હરણ પ્રસંગે જ્યાં લગી દ્રૌપદીએ સંપૂર્ણ આત્મસમર્પણ ન કર્યું ત્યાં લગી ભગવાન શ્રીકૃષ્ણે ચીર ન પૂર્યાં. જ્યારે દ્રૌપદીએ દાંતમાં દબાવેલો સાડીનો છેલ્લો છેડો છોડી દીધો ત્યારે તરત જ શ્રીકૃષ્ણ વહારે ધાયા અને ચીર પૂર્યાં. ભગવાનની સહાય મેળવવા માટે સંપૂર્ણ આત્મસમર્પણ અનિવાર્ય છે.

●

**ચૂંટેલાં પુષ્પો**

નવું એટલું સારું અને જૂનું એટલું નકામુંની માન્યતા બરાબર નથી.

* * *

આખી દુનિયાનું રાજ્ય મળી જાય, પરંતુ ગુણવાન સ્ત્રી ન હોય તો પુરુષની હાલત એક ભિખારી કરતાં પણ બદતર છે. એના કરતાં તો એક સાવ ગરીબ માણસ લાખ દરજ્જે સારો છે જે આખો દિવસ મહેનત કરે છે અને સાંજના સમયે પોતાની ગુણવાન સ્ત્રીનો ચહેરો જોઇને બધો જ થાક ભૂલી જાય છે.

# મૌન-પૂ. માનું

શ્રી સુરેશભાઈ શાહ-કેનેડા

તંત્રી શ્રી,

[આ લેખ પૂ. માની આત્મશ્લાઘા માટે અથવા પૂ. માના પ્રચારક તરીકે નથી લખ્યો પણ પૂ. માના વિદેશના નિવાસ દરમ્યાન પૂ. યોગેશ્વર પરિવારના મોટાભાગના સત્સંગી ભાઈ-બહેનોને પૂ. માના સ્વાસ્થ્ય અને પૂ. માની પ્રવૃત્તિઓથી વાકેફ રાખવાના શુભહેતુથી પ્રેરાઈને લખ્યો છે. આશા છે કે દેશ-વિદેશમાંથી પૂ. માના સ્વાસ્થ્યની પૃચ્છા કરતા સાધકોને આ હકીકતથી સંતોષ થશે.]

પૂ. ગાંધીજીના મૌન વિષે અમે સાંભળ્યું છે, પૂ. મોટાના મૌનમંદિરો વિષે જાણ્યું છે તથા પૂ. યોગેશ્વરજીના મૌન અને એકાંતવાસની ગાથા અમે પ્રકાશના પંથેમાં વાંચી છે પણ પૂ. માનું મૌનવ્રત અમને પ્રત્યક્ષ નિહાળવા તથા અનુભવવા મળ્યું છે.

કેનેડાના પૂ. માના ઓગસ્ટ ૧૦/'૯૨ થી ઓક્ટોબર ૮/'૯૨ સુધીના નિવાસ દરમ્યાન પૂ. મા ૮ મી સપ્ટેમ્બરથી ૧૫ મી સપ્ટેમ્બર સુધી એડમન્ટનના પ્રવાસ બાદ એક અઠવાડીયાનું મૌન ધારણ કરે છે અને નવરાત્રિ વ્રત દરમ્યાન સપ્ટેમ્બર ૨૭/'૯૨ થી ઓક્ટોબર ૭/'૯૨ સુધી અગિયાર દિવસનું મૌન ધારણ કરે છે. પૂ. મા માટે મૌન એ પ્રભુની સમીપ પહોંચવાનું સર્વોત્તમ સાધન છે. નામસ્મરણ, જપ, વાંચન અને ધ્યાન માટે આ સિવાય, મન અને વિચારોની એકતા સાધી, પ્રભુ પ્રત્યે એકાગ્રતા સાધવાનો બીજો વિકલ્પ નથી.



જેમ ખેડૂત પાક લેતાં પહેલાં જમીનને ખેડે છે, ખાતર નાંખે છે, બીજ વાવે છે તેમ પૂ. માના મૌનમાં જતા પહેલાં, સાંસારિક વાતોથી, ટેલીફોન ઉપરની વાતચીત, પત્રલેખન તેમ જ સત્સંગથી મન ઉપરામ થઈ જાય છે, પ્રભુ સિવાયની કોઈ વાત સાંભળવી ગમતી નથી, પ્રભુ સિવાયનો કોઈ વ્યવહાર પૂ. માને ગમતો નથી. બંધ બારણે વહેલી પરોઢથી, મોડી રાત સુધી જપ, તપ, મંત્ર, પૂ. શ્રીની ટેપ ઉપરનું પ્રવચન અને વાંચન પૂ. માનો ખોરાક બની જાય છે. પોતાની જાતને મૌનમાં કેદ કરી જાણે પ્રભુના કેદી બની જાય છે. પ્રભુના સ્વરૂપને આંખોથી પીએ છે અને મનના પવિત્રભાવોથી પ્રભુને પ્રાર્થે છે. પ્રભુ ! દર્શન આપો, સ્પર્શન આપો, સમાવી લો.

પૂ. માને બંધ બારણે આનંદ છે જાણે કે માનું સાચું જીવન અહીં આજ છે. સદ્‌ગુરુની મહાનકૃપા એટલે એકાંતની ઈચ્છા. પૂ. માને જોતાં એમ જ લાગે કે જાણે જીવનભર મૌન લે તો ઘણો આનંદ આવે. મૌન, પૂ. માને આનંદના બજારમાં અખંડઆનંદ, અનહદ શાંતિ અને મનની અદ્‌ભુત ભૂમિકામાં લઈ જાય છે. વાંચન, મનન, જપ, પ્રાર્થનામાં પૂ. માનો સમય પાણીવેગે વહી જાય છે. મૌન દ્વારા પૂ. મા જાણે કે પોતાના સદ્‌ગુરુ ભગવાનને સર્વોત્તમ ભેટ ધરે છે. એકાન્ત સેવને એ-'કાન્ત', એકાંતે કાંત બની રક્ષા કરે છે.

ઘરના સૌ સભ્યોના સહકારને મા આવકારે છે. નિર્જળા વ્રત પણ મૌન દરમ્યાન નિયમિત ચાલે છે. આત્માની અયોધ્યામાં પૂ. મા પોતાના સદ્‌ગુરુનું, મૌન દ્વારા જાણે કે અભિવાદન કરે છે. મૌનમાં પૂ. મા સરસ ભજનો લખે છે. અને સાત દિવસનું મૌન સવારે ૭-૩૦ વાગે પ્રણામ અને સ્તુતિથી પૂરું કરે છે.

પૂ. માનું મૌન યજમાનને અતિ અસહ્ય લાગે છે. જાણે કે પુષ્પમાંથી પરાગ જતી રહી અને સૂર્યમાંથી તેજ અને ચંદ્રમાંથી શીતળતા. પૂ. માનું મૌન સાધકવર્ગ માટે સૂચક બની જાય છે કે, એકાંતસેવન અને વાણીની લગામથી જ મનની એકાગ્રતા સાધી શકાય, ઇન્દ્રિયોને નાથી શકાય અને મનને શ્રી પ્રભુચરણોમાં પરોવી શકાય. મૌનથી અંતરમાં ડૂબકી મારી, પ્રભુ સાથે એક થઇ શકાય.

મૌન પૂ. માને આનંદ, શાંતિ અને પરમાનંદ પ્રદાન કરે છે. પોતાના મૌન વડે, પૂ. મા આપણને પણ મૌન રાખવા સૂચવે છે. મૌન એ વ્યક્તિને આંતરમુખ બનાવે છે અને પૂ. માને પોતામાં મસ્ત થઇ રહેવામાં મૌન ભારે મદદરૂપ થાય છે. તેઓ મૌનના અંચળા હેઠળ પોતામાં પોતે ડૂબી જાય છે, ખોવાઇ જાય છે. તેઓનું સમગ્ર અસ્તિત્વ એકમાં જ પોતામાં કે પૂ. ગુરુદેવમાં લીન બની જાય છે.

શ્રી યોગેશ્વર કૃપા
સંદીપ વેલ્ડીંગ વર્કસ
ગ્રીલ, દરવાજા, તેમજ મેઇન ગેટના સ્પેશ્યાલીસ્ટ
તેમજ
દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.
મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, સુરત-૩૯૫ ૦૦૭.



# ધર્મધારા

કમલ સુથાર

## પ્રસંગકથા-૧

ભગવાન બુદ્ધ.

પ્રબુદ્ધ મહાપુરુષ.

એકવાર વૈશાલી નગરીમાં શિષ્યો સાથે વિચરણ કરતા હતા. જિજ્ઞાસુઓને સદુપદેશ પણ આપતા હતા. દીન-દુખિયાંની સેવા પણ કરતા હતા.

નગરમાં ધર્મપ્રવચન ચાલતું હતું. ધર્મપ્રેમી જનતા ભગવાનની અમૃતવાણી સાંભળવા ઉમટતી હતી. નગરના એક શ્રીમંત શેઠ પણ ભગવાનનું પ્રવચન સાંભળવા નિયમિત આવતા હતા. ભગવાનના મુખેથી વહેતી ધર્મધારાનું પાન કરી તે કૃતાર્થ થતા હતા.

એક દિવસ તે શેઠ સત્સંગસ્થાન ઉપર ભગવાનના આવવાની રાહ જોઇ રહ્યા હતા. ભગવાનને આવવામાં વિલંબ થયો હતો. તેથી તે ચિંતિત હતા. એટલામાં કરુણામૂર્તિ બુદ્ધનું આગમન થયું. સજ્જન શ્રદ્ધાળુઓએ ભગવાનને વંદન કર્યાં. પેલા શ્રીમંત શેઠે પણ બુદ્ધને વંદન કરી પૂછ્યું :

"પ્રભુ, આવતાં આજે આપને કેમ વિલંબ થયો ?" "અમે તો ક્યારનાય આપના મુખેથી વહેતી ધર્મધારાનું શ્રવણપાન કરવા આતુર છીએ."

પરમ અનુભવી, પરમ સમર્થ ભગવાન બુદ્ધે શાન્ત, ધીર, ગંભીર સ્વરે કહ્યું :

"વત્સ, આજે હું એક દુઃખી, પીડિત, કોઢિયાની સેવામાં રોકાયો હતો. એ દરિદ્રનારાયણની સુશ્રુષામાં રોકાયો હતો. તેથી વિલંબ થયો. વત્સ, આજ મારી ધર્મધારા છે. દીન–દુઃખિયાંની સેવા એજ મોટો ધર્મ છે. આનાથી મોટી બીજી ધર્મધારા કઈ હોઈ શકે ?"

શ્રીમંત સજ્જન શેઠ ભગવાન બુદ્ધના મુખમાંથી સરતી પવિત્ર ધર્મધારાનું પાન કરતા–કરતા તેમના દિવ્ય ચહેરાને વંદી રહ્યા હતા.

## પ્રસંગકથા–૨

## નિષ્પાપતાનું રહસ્ય

મહારાષ્ટ્રમાં એક પરમ સમર્થ, આત્મજ્ઞાની સંત થઈ ગયા. નામ તેમનું એકનાથજી. તે સાદું ને ભગવદમય જીવન ગાળતા. સતત પ્રભુસ્મરણ કરતા. કદીય પાપ ન કરતા. ચારે બાજુ આ આદરણીય, વંદનીય સંતની સુવાસ ફેલાયેલી હતી.

આજ નગરમાં એક શ્રીમંત શેઠ રહેતા. તેમના જાણવામાં આ વાત આવી કે સંત એકનાથજી પવિત્ર ને નિષ્પાપ છે. તેમને નવાઈ લાગી કે આ ઝેરી કળિયુગમાં કપટી સંસારમાં સંત એકનાથજી નિષ્પાપ શી રીતે રહી શકતા હશે. માણસ સ્વાર્થ માટે, ઈર્ષા–દ્વેષમાં ભગવાનની પણ નિંદા કરી પાપનાં પોટલાં બાંધતાં હોય છે. જ્યારે આ સંત શી રીતે નિષ્પાપ રહી શકતા હશે?

તે આ રહસ્ય જાણવા સંત એકનાથજી પાસે આવ્યા. ને સંતને આદરપૂર્વક વંદન કરી આ બાબતે પ્રશ્ન પૂછ્યો : "પ્રભુ! આપ આ ઝેરી સંસારમાં નિષ્પાપ કેવી રીતે રહો છો?"



પરમ આત્મજ્ઞાની, પરમ જાગૃત સંત એકનાથજીએ શેઠને આ પ્રશ્નનો ઉત્તર તુરંત ન આપતાં શેઠની હથેલી પોતાની સામે ધરવા કહ્યું, શેઠે હથેલી લંબાવી. સંતે તેમાં રેખાઓ જોઈ કહ્યું : "શેઠજી તમારી હથેલીની રેખાઓ જોતાં મને લાગે છે કે તમારું આયુષ્ય બહુ જ ટૂંકું છે. આજથી એક મહિનાની અંદર તમારું મૃત્યુ છે."

શેઠ ચિંતિત થયા. ઘરે ગયા. મૃત્યુના ભયમાં પ્રભુસ્મરણ કરવા લાગ્યા. પાપ બાપ બધુંય ભૂલી ગયા ને બસ હરિસ્મરણમાં મન લીન. મહિનામાં એક દિવસ બાકી હતો ને સંત એકનાથજી શેઠજી પાસે ગયા. ને પૂછ્યું : "શેઠજી આટલા દિવસોમાં તમે કેટલાં પાપ કર્યાં?"

"અરે પ્રભુ માથે મોત ભમતું હોય અને પાપ કરવાનું શી રીતે સૂઝે?"

"શેઠજી, મારું પણ એમ જ છે. હું મોતને માથે બેઠેલું નિહાળું છું. પછી મારાથી પાપ થાય ખરું ?–જે મૃત્યુને ભૂલે છે એવાં મોહ–માયામાં ફસાયેલાં ઝેરી લોકો હરક્ષણે પાપ કરી જીવન બરબાદ કરે છે. અનેક જન્મોના પુણ્ય પછી મળેલું આવું અમૂલ્ય માનવજીવન પ્રભુસ્મરણ કરી સાર્થક કરવાનું મને યોગ્ય લાગે છે. પછી પાપનો વિચાર જ ક્યાંથી આવે?"

તે ફરી શેઠની હસ્તરેખા જોઈ બોલ્યા : "શેઠજી, તમારું આયુષ્ય તો ઘણું લાંબુ છે પહેલાં હસ્તરેખા જોવામાં મારી ભૂલ થઈ હતી."

શેઠજી, સમર્થ સંતના શબ્દોનો મર્મ સમજી ગયા. ને નિષ્પાપતાનું રહસ્ય જાણી સંતને વંદી વિદાય થયા. □

# પ્રેમ–પ્યાલો

મમતા પી. ભાટિયા

પ્રેમ પ્યાલામાં શું ભરેલું છે એ તો એના પીનાર જ જાણે છે. પ્રેમ–પ્યાલાની મદિરા તો વિલક્ષણ હોય છે. આ લોકની મદિરા તો શું સ્વર્ગની સુરા પણ તેના આગળ તુચ્છાતિતુચ્છ છે. તેમાં અનંત સત્ય છે, અસીમ સૌન્દર્ય છે, અતુલ કલ્યાણ છે. એક વાર તે પ્યાલાને હોંઠે લગાડો અને પોતાના જીવનને જીવનમુક્તિના રંગમાં રંગી નાંખો. તે પ્યાલાના મોહન મધુ જ્યારે રોમરોમમાં સમાય જાય છે ત્યારે બીજો કોઇ પણ મદ્ય પીવાનું મન નથી કરતું. કબીરજીની એક સાખી છેઃ–

कबीरा प्याला प्रेम का, अन्तर लिया लगाय।
रोम रोम में रमि रहा, और अमल क्या खाय॥

પ્રેમ–પ્યાલાની મદિરાએ સ્વર્ગસુધાને જન્મ આપ્યું છે. આ પ્યાલાને હોંઠે લગાડતા જ હૃદયમાં એક મીઠી ટસક ઉઠે છે અને પીનાર પછી મધુર દર્દમાં મસ્ત થઇ જાય છે. એની લૈ એક તરફ લાગી જાય છે. એને આ વાતનું સ્મરણ પણ નથી રહેતું કે કોણ એનો સાથી છે અને કોનો એ સાથી છે. જ્યારે જુઓ ત્યારે મતવાલા હાથીની જેમ ફરતા ઝૂમતા નજરે પડે છે. તેની દૃષ્ટિમાં ન કોઇ રાજા છે ન કોઇ રંક. સંસારી મોહના જેટલા નાતા અને બંધન છે તે બધાંને તોડીને તે નિર્ભય વિચરે છે. તેના હૃદયમાં ત્યારે કોઇ પણ પ્યાસના અને કામના માટે જગ્યા જ નથી રહેતી. પોતાના વ્હાલાને મળીને તે તેજ રૂપ થઇ જાય છે. તે પ્યાલાના પ્રેમી પ્રેમ–મદ્યને પીતા પીતા તે ઘરે પહોંચી જાય છે. જ્યાંથી



પાછા ફરીને પછી આવાગમનના ચક્રમાં પડતા નથી. અનાયાસે તેને મુક્તિ લાભ મળી જાય છે, પરંતુ આ મોક્ષપદને પણ તે આદર નથી આપતો. તે તો પોતાના પ્રિયના દર્શનમાં જ સદા છક રહેવા માંગે છે. કબીર સાહેબે કહ્યું છેઃ–

कठिन प्याला प्रेम का, पिये जो हारे के हाथ।
चारों जुग माता रहे, उतरे जिव के साथ॥

પ્રેમની સુરા પીવાથી જીવાન–મરણનો ભય હૃદયથી નિઃશેષ થઇ જાય છે. પીનારની દૃષ્ટિમાં પછી સંસાર સંસાર નથી રહેતો. તે નિશ્ચિન્ત થઇને વિચરતો રહે છે અથવા મતવાલા થઇને મૌજની મસ્તી માણે છે.

ગોપીયોએ આ પ્રેમ–રસનું પાન કર્યું અને કૃષ્ણમય બની ગઇ. ઉધવ વ્રજમાં આવી ગોપીયોને જ્ઞાન આપે છે, પણ આ પ્રેમ–રસથી છક ગોપીયોની સામે ઉદ્ધવનું જ્ઞાન ઓગળી ગયું અને અંતે એ પણ ગોપીયો પાસેથી આ પ્રેમરસની માંગણી કરે છે. આ રસ મીરાંબાઇએ પીધો ને બહાવરી બની ગઇ. રાણાએ સર્પની પટારી મીરાંને મોકલી. આ રસમાં ઘેલી બનેલી મીરાંને સર્પની જગ્યાએ કૃષ્ણના દર્શન થયાં આ રસનું પ. પૂ. મા સર્વેશ્વરીએ પાન કર્યું. ભૂખ–પ્યાસ એટલે કે લૌકિક વાસનાઓનો ત્યાગ કર્યો અને ગુરુની પાછળ ગુરુ–ભક્તિમાં ઘેલી બની ગુરુમય બની ગયાં.

સ્વર્ગની પણ એક પ્રકારની સુરા સાંભળવામાં આવે છે. અરે! તે પણ કંઇ નથી, કર્મકાંડિયોંની કોરી કલ્પના માત્ર છે. પોતે તેને પી નથી શકતા અને બીજાને પાઇ નથી શકતા. આ નીરસ કર્મકાંડિયોને એક વખત પ્રેમ–મદિરાનો સ્વાદ મળી ગયો હોત તો પછી તેઓ કલ્પિત સ્વર્ગ–સુરાનો પ્રસંગ જ ન ઉપાડત, એટલે તો

આ કર્મઠ રોગિયોની દવા પ્રેમ–પ્યાલા જ છે. તેઓમાંથી કોઈ પૂછે તો બતાવી દેજો કે થોડી પ્રેમમદિરા પી લો, નીરસતાનો અસાધ્ય રોગ મટી જશે. પ્રેમપ્યાલામાં એવું મદ્ય ભરેલું છે જે આ નીરસ જીવનને રસમય બનાવી દે છે, અને આ રસ જ આ લોક અને પરલોક માટેનું એક માત્ર સાર છે. આત્મરસ પણ તમને પ્રેમપ્યાલામાં જ મળશે. એટલે તો કહું છું કે જેટલો આ પ્રેમ મદ્ય પી શકો તો પી લો. આવો સુઅવસર વારંવાર નથી મળતો.

અરે ભાઈ! તે પ્રેમપ્યાલાને કોણ ભાગ્યહીન પીવા નહિ માંગે. તે મદ્ય જ એવું છે! કેમ પી રહ્યા છો આ ગંદી અને નકામી શરાબોને! મારા મિત્રો! તમારામાંથી કોઈક દ્રાક્ષનું મદ્ય પી રહ્યો છે, તો કોઈક ધન–દૌલતની શરાબમાં ચૂર છે, તો કોઈક ઉંચી પદવીની મદિરા ચઢાવીને બેઠો છે. પણ શું તમે જાણો છો કે આ નશો ક્યાર સુધી રહે છે? આ બધા નશા અલ્પ સમય માટેના છે. ચંચલ લક્ષ્મી ન જાણે કયા દ્વારેથી ક્યારે નીકળી જશે. અધિકાર મદ તો જોતજોતા જ ઉતરી જશે. તો પછી આવી ગંદી અને નકલી શરાબો પર કેમ મરો છો? તમે પ્રેમ–સુરાને પીને તે સેજ પર સૂઇ જાઓ જ્યાં સૂર્ય પણ તમને જગાડી નહિ શકે, જ્યા મહાપ્રલય પણ તમારી શાંતિ–નિદ્રા ભંગ ન કરી શકે. ધન્ય છે એ પ્રેમ–સુરા!

ગુરુદેવ! દયા કરીને એક પ્રેમપ્યાલો આપી દો. ફક્ત એક જ પ્યાલો જોઈએ. શું કહો છો, પ્યાલો લઈને શું કરશો? તમારી આપેલી પ્રેમ–સુરા પીને તેની મસ્તીમાં એક રમત રમીશ. હું યોગ ધારણ કરીશ. યોગી બનીને મારા પ્રભુના દેશમાં જઈશ. આ દેશમાં હવે રહેવું મને જરા પણ ગમતું નથી. એક એક પળ એક



વર્ષ સમાન વ્યતીત થાય છે. જ્યાં મારા પ્રભુ વસે છે ત્યાં જવા માટે હું અધીર થઈ રહ્યો છું.

બાળકનો રોગ મટાડવા માટે મા ગમે તેટલી કડવી દવા હોય તો એ શું નથી આપતી? તો ગુરુદેવ મારા આ ભવદુઃખનો, જન્મોજન્મના ચક્કરનો રોગ મટાડવા શું મને એક પ્રેમ–મદિરાનો પ્યાલો નહિ આપો? બીજનો વિકાસ થાય તો વૃક્ષ બની જાય છે. તરંગનો લય થાય તો સાગર બની જાય છે. તો ગુરુદેવ, હું વૃક્ષનો વિકાસ નથી ચાહતી. હું તો મારું બીજપણું છોડી આત્મસમર્પણ કરવા માંગું છું. હું સાગર બનવા ઇચ્છતી નથી પરંતુ તમારા ચરણારવિન્દમાં વિલીન થઈ જવા માગું છું. મેં એવું સાંભળ્યું છે કે આ રસ જેણે ચાખ્યો એને પછી સંસાર મિથ્યા લાગે છે. તો હે મા પ્રભુ! મને પણ આ દિવ્ય અનુભવ કરાવો ને!

અત્યાર સુધી કેટલા પ્યાલા પીધા અને કેટલા તોડયા પણ હે મા પ્રભુ! એવો પ્રેમસુધાનો પ્યાલો પાઈ દો કે બીજું કંઈ પીવાની તમન્ના જ ન રહે અને જેને પીને અમર થઈ જાઉં. પણ મારે અમર થવાની આકાંક્ષા નથી, પરંતુ મારી તો પોતાનો અસ્તિત્વ મટાડવાની આકાંક્ષા છે.

જય ગુરુદેવ, જય મા.

શ્રી મુગટરામ મહારાજના સમર્થ

# સદ્‌ગુરુ શ્રી દાજીરામ મહારાજ

સંકલન : કનૈયાલાલ ઝિંઝુવાડીયા

પૂજ્યપાદ મુગટરામ મહારાજ પોતાનાં માતુશ્રીના પિતા પૂજ્યપાદ દાજીરામ જાનીને જ ગુરુ તરીકે માનતા. આ મહાપુરુષનો જન્મ સંવત ૧૮૮૦ માઘ સુદી પંચમીને દિવસે વસંત પંચમીએ મંજુસર ગામમાં થયો હતો. તેઓ ગાયત્રીના પરમ ઉપાસક હતા. હંમેશાં ત્રિકાલ સંધ્યા આગ્રહપૂર્વક કરતા અને ગાયત્રીના ઘણા જપ કરતા.

જન્મથી જ અથવા બાલ્યાવસ્થાથી જ આ પુરુષ અદ્‌ભુત હતા. દેખાવમાં સામાન્ય ભિક્ષુક બ્રાહ્મણ જેવા લાગતા, છતાં તેમનું અંતઃકરણ એક સાચા બ્રાહ્મણનું હતું. તેમનું જ્ઞાન અને ઐશ્વર્ય તેમને જ્ઞાનેશ્વર નામના ગુરુ મળ્યા ત્યાં સુધી છાનું રહ્યું. ઢંકાયેલું રહ્યું. તે પછી તે ઉત્તરોત્તર અધિકાધિક પ્રકટ થતું ગયું.

કોઈ પણ મનુષ્ય તેમની પાસે આવતો તો તેના મનની વાત જાણી જવી, એ તેમને સહજ સિદ્ધ હતું.

કોઇ તેમને મળવા આવે તો તેના મનની વાત તે જાણી શકતા અને તેને જે કહેવા જેવું હોય તે કહેતા. સાંજે તેઓશ્રી ભજન કરતા હતા, અને ભજનમાં કોઇ ઘરકામના વિચાર કરે તો તેને કહેતા, "કે જા ભાઇ! તું ઘેર જા અને તારું અમુક કામ પતે પછી આવજે, એટલે તારું ચિત્ત ભજનમાં રહે."

તપના પ્રભાવ વડે તેમની વાણીમાં પરમાત્માએ વાસ કર્યો હતો અને તેથી તેઓ જે બોલતા તે સિદ્ધ થઇ જતું. અનુગ્રહ



કરવામાં તે અત્યંત દયાળુ અને મહાદેવના જેવા સરળ હતા. તેમની સેવા કરનાર ઉપર તે સહજ વરસી જતા અને તેને તેનો અનેક ગણો બદલો તરત વાળી દેતા. આ ભૌતિક પ્રકૃતિ ઉપર તેમનું સ્વામિત્વ સિદ્ધ હતું.

એક પ્રસંગે પોતે સાંપલાના રહીશ રા. વૈદ્યરાજ ચુનીભાઇ સાથે ગામ જતા હતા. રસ્તામાં ઉનાળાના દિવસો હોવાથી તાપ ઘણો પડતો હતો. બંને જણ અકળાવા લાગ્યા, તેથી તેમણે કહ્યું કે "ચુનીભાઇ! આ તાપ બહુ પડે છે તેથી છાંયડો થાય તો કેવું સારું?" ચુનીભાઇએ કહ્યું, "આ ઉનાળામાં ખરા બપોરે છાંયડો ક્યાંથી થાય?"

તેઓશ્રીએ કહ્યું, "ભગવાનની મરજી હોય તો બધુંએ થાય."

એમ કહી રસ્તે આગળ ચાલવા લાગ્યા. એટલામાં થોડી જ વારમાં આકાશ વાદળોથી ઘેરાઇ ગયું. ને ઝરમર ઝરમર વરસાદ પડવા લાગ્યો. જ્યારે તેઓ પોતાને જે ગામ જવું હતું ત્યાં પહોંચ્યા ને જેવો ઘરમાં પગ મૂક્યો, કે તે વરસાદ બંધ થઇ ગયો. વાદળો વિખરાઇ ગયાં. જાણે સમર્થ સંતની ભાવના પૂરી કરવા, પ્રકૃતિએ એ આખો ખેલ રચી કાઢ્યો.

કોઈને કોઇ દુઃખ હોય અને પોતે મુખેથી બોલે કે તે મટી જશે, એટલે તે મટી ગયા વિના રહેતું નહિ. બ્રાહ્મણો ઉપર તેમનો વિશેષ ભાવ અને ભક્તિ રહેતાં. બ્રાહ્મણોને તેઓ ઘણીવાર પ્રેમપૂર્વક જમાડતા.

તે વખતે વડોદરાના શ્રી ગાયકવાડના રાજ્યમાં સરકાર તરફથી બ્રાહ્મણોને આઠ—આઠ આના દક્ષિણા આપવામાં આવતી. તેથી હજારો બ્રાહ્મણો આ દક્ષિણા લેવા આવતા. ત્યારે આઠ આનાનું મૂલ્ય ઘણું મોટું હતું. મંજુસર બાજુથી જે જે બ્રાહ્મણો આ દક્ષિણા લેવા આવતા તેઓ દક્ષિણા લઇને પાછા ફરતા ત્યારે

મંજુસર થઈને જતા. બ્રાહ્મણોને શ્રીદાજી મહારાજ પોતાને ઘેર
રોકતા અને દાળ, ભાત, શીરો અને શાક પ્રેમથી જમાડતા, પછી
ગમે તેટલા બ્રાહ્મણો હોય. એક પ્રસંગે તેઓના યુવાન પુત્ર મહા-
શંકર અવસાન પામેલ હોવાથી શોક હતો. આમ છતાં, આ
આવેલા બ્રાહ્મણોને શોક નહિ પાળતાં નિયમ પ્રમાણે જમાડયા હતા.

તેઓને સ્વરોદયનું પણ ઘણું સારું જ્ઞાન હતું. ભજન
કરવામાં તેઓ દૃઢ આગ્રહી હતા. તેઓને આઠ સિદ્ધિઓ પ્રાપ્ત
હતી. પરંતુ તેઓના પોતાના દીકરાઓ તેમને સાચા સ્વરૂપે
ઓળખી શક્યા ન હતા. તેથી તેઓનો તેમણે જે લાભ લેવો
જોઈએ તે લઈ શક્યા ન હતા. પરંતુ મુગટરામજી મહારાજ
(દીકરીના દીકરા) છેક બાલ્યાવસ્થાથી જ તેમની પાસે રહેતા.
અને તેમની ઘણી સેવા ઉઠાવતા. આથી એમના ઉપર સહજ રીતે
જ તેમનો પ્રેમ વિશેષ રહેતો, અને તેમનાથી તેઓ સર્વ રીતે
પ્રસન્ન રહેતા. શ્રી મુગટરામ તેમની પ્રત્યેક આજ્ઞા પાળતા અને
તેમની ઘણી સેવા ઉઠાવતા. મુગટરામજી નાના હતા ત્યારથી જ
દાજીરામજી કહેતા હતા, "આ ભાણો મારું બધું કાર્ય કરશે, અને
મોટા મોટા લોકો તેના ચરણમાં પડશે."

પોતાને જવાનો સમય પાસે આવ્યો ત્યારે તે આસન ઉપર
બેઠા અને જમણી બાજુએ શ્રી મુગટરામજી મહારાજને
બેસાડયા. પછી પોતાનો જમણો હાથ તેમના તરફ કરીને પોતાની
સર્વ સિદ્ધિઓને ઉદ્દેશી કહ્યું, "ચાલી જા માયા," આમ કહી
તેમને સર્વ સિદ્ધિઓ આપી દીધી, અને "હું હવે જઉં છું."
એટલા શબ્દો બોલીને તરત જ બેઠાં બેઠા પોતાનું શરીર છોડી
દીધું. ત્યારે તેઓનું વય ૭૬ વર્ષનું હતું.

(શ્રી મુગટરામજી મહારાજે પોતાના સ્વમુખેથી જ આ વૃત્તાંત
"શ્રી મુકુટલીલામૃત"ના લેખકને કહેલ.)



# રામકથા

( ગતાંકથી ચાલુ )

યોગેશ્વરજી

(શ્રી યોગેશ્વરજીની સિદ્ધ કલમે આલેખાયેલ રામકથા)

## શબરીનો મેળાપ

રામ તથા લક્ષ્મણે સીતાની શોધ માટે વનમાં આગળ વધતાં પહેલાં
જટાયુનો ઉપકાર યાદ કર્યો.

વનમાં અસહ્ય વેદના સાથે આગળ વધતા રામ સીતાને મેળવવા માટે
ઉત્સુક હતા. એમણે આજુબાજુ બધે જ દૃષ્ટિ ફેરવી પરંતુ સીતાનું નામ-
નિશાન ના દેખાયું. પ્રેમના અપાર ઉન્માદમાં એમણે માર્ગમાં મળતાં વૃક્ષો-
ને, પુષ્પોને, પંખીઓને તથા મૃગ જેવાં પ્રાણીઓને અને પાણીના પવિત્ર
પ્રવાહોને સીતાના સમાચાર પૂછી જોયા, પરંતુ કોઈએ કશી જ માહિતી ના
આપી.

સીતા જ્યારે ક્યાંય ના દેખાઈ ત્યારે એમનું અંતર અત્યંત વ્યથિત બની
ગયું.

એમણે આંખમાં આંસુ સાથે લક્ષ્મણને પૂછ્યું : 'લક્ષ્મણ, સીતા હવે
મળશે કે નહિ મળે? આ જીવનમાં હવે મળશે કે નહિ મળે? આ જીવનમાં
હવે એની ઝાંખી થઈ શકશે કે નહિ થઈ શકે?'

'જરૂર થઈ શકશે.' લક્ષ્મણે રામને સાંત્વન આપતાં કહેવા માંડયું :
'સીતા આપણને જરૂર મળશે. એ પૃથ્વીના ગમે તે પ્રદેશમાં હશે તો પણ
આપણે એને શોધી કાઢીશું. મારામાં એટલી હિંમત છે. માટે તમે નિરાશ ના
બનો. તમારી વ્યથા ને ચિંતા જોઈને મારું કાળજું કોરાઈ જાય છે.'

'પરંતુ મને પીડા થાય છે તેનું શું કરું? સીતા વિનાનું મારું હૃદય રાત
ને દિવસ રોયા જ કરે છે. એને અવારનવાર અને અનેક રીતે સમજાવું છું
છતાં પણ એ કેમે કરીને નથી સમજતું.'

લક્ષ્મણ શાંત રહ્યો.

માર્ગમાં મળેલા કબંધ રાક્ષસનો સંહાર કરીને રામ લક્ષ્મણ સાથે પંપા સરોવરના પવિત્ર પ્રદેશમાં આવી પહોંચ્યા.

પંપા સરોવરનો પ્રદેશ અતિશય આકર્ષક અને આહ્લાદક હતો. ત્યાંની જમીન સપાટ અને સુંદર હતી. સરોવર પર સુંદર વિશાળ ઘાટ બાંધેલા. સરોવર હતું પણ ખૂબ જ સ્વચ્છ. એમાં કમનીય કમળો ખીલી ઊઠેલાં. સરોવરની શોભા એથી ખૂબ જ વધી ગયેલી.

પંપા સરોવરમાં વિવિધ પ્રકારનાં હંસાદિ પક્ષી વિહાર કરતાં.

મનુષ્યોને દેખીને એમને કોઇ પ્રકારનો ભય ના લાગતો કારણ કે એમને હિંસાનો અનુભવ ન હતો.

સરોવરની આસપાસ રંગબેરંગી ફૂલ ખીલેલાં.

પૂર્વકાલમાં ત્યાં મતંગ મુનિના શિષ્યનો આશ્રમ હતો.

એ મુનિએ એકાંત અરણ્યમાં લાંબા વખત લગી સાધનાપરાયણ રહીને ઊંડી શાંતિ મેળવેલી.

એમના વિશે એવી કથા પ્રચલિત હતી કે, પોતાના ગુરુને માટે એ વનમાંથી કંદમૂળ ને ફળ લાવતા ત્યારે એમના શરીરે પ્રસ્વેદ થતો. એ પ્રસ્વેદનાં બિંદુ પૃથ્વી પર પડીને મુનિની તપશ્ચર્યાના પ્રભાવથી પુષ્પોના સુંદર રૂપમાં પરિણત થતાં.

રામ અને લક્ષ્મણ પંપા સરોવરનાં કદીયે ના કરમાનારાં પુષ્પોને જોઇને આનંદ પામ્યા.

સરોવરના એ શાંત તટ પર આશ્રમ બાંધીને રહેનારા એ પ્રાતઃસ્મરણીય, પવિત્ર, પરમાત્મપરાયણ ઋષિમુનિ તો વિદાય થયા, પરંતુ એમની સેવામાં રહેનારી તપસ્વિની શબરી ત્યાં રહીને ધર્માનુષ્ઠાન કર્યા કરતી.

તપશ્ચર્યાના પ્રભાવથી એ અલૌકિક દૃષ્ટિ તથા શક્તિવાળી અને ચિરજીવિની જેવી બની ગયેલી.

રામ અને લક્ષ્મણે પંપા સરોવરના એ પ્રશાંત પ્રદેશમાં શબરીના એકાંત આશ્રમનું દર્શન કર્યું.



એ આશ્રમ અનેક પ્રકારનાં વૃક્ષોથી વીંટળાયેલો હોવાથી અત્યંત આકર્ષક લાગતો.

એની શોભા અને સુંદરતાનું પાન કરતા એ બંને શબરી પાસે આવી પહોંચ્યા.

એમના દર્શનથી શબરી હરખ ઘેલી બની ગઇ અને પ્રણામ કરીને ઊભી રહી. એમની વિધિપૂર્વક પૂજા કરીને એ આંખમાં પ્રેમ અને આનંદનાં આંસુ સાથે કહેવા માંડી : 'તમારા દેવદુર્લભ દર્શનની આશા રાખીને તમારી પુનિત પધરામણીની પ્રતિક્ષામાં હું દિવસોથી બેસી રહેલી, મનને જેમ તેમ કરીને મનાવતી કે એકવાર મારા ભાગ્યોદયનો દિવસ ઊગી નીકળશે ને તમારું દર્શન પ્રાપ્ત થશે. આજે મારી એ આશા પૂરી થઇ. મારી લાંબા વખતની પ્રતિક્ષા સફળ થઇ. એટલે મને કેટલો બધો અપાર આનંદ થાય છે તે કેમ કરીને કહી બતાવું? એ આનંદ અવર્ણનીય છે. આજે મારું જીવન ખરેખર ધન્ય થયું. મને સિદ્ધિ તથા શાંતિ મળી અને હું કૃતાર્થ થઇ.'

શબરીના પ્રેમભાવથી રામ પ્રસન્ન થયા.

એણે અર્પણ કરેલા આસન પર બેસીને એ ભાવભીના સ્વરે બોલી ઊઠયા : 'તારા પ્રેમને માટે તને ખરેખર ધન્યવાદ આપું છું. તારા જેવી શાંત, સાત્ત્વિક સ્વભાવની, એકાંતપ્રેમી તપસ્વિનીના દર્શનથી અમને પણ ઘણો આનંદ થયો છે. પરંતુ તને અમારી માહિતી કેવી રીતે મળી અથવા અમારો પરિચય કેવી રીતે પ્રાપ્ત થયો?

શબરીએ સામે બેસી, બે હાથ જોડીને, નમ્રતાયુક્ત સરળ સ્વરે કહ્યું : 'સૂર્યનો પરિચય એનો ઉદય થાય છે એટલે કોને નથી પ્રાપ્ત થતો? એનો પરિચય કાંઇ કોઇને કરાવવો પડે છે? તમારા દેવદુર્લભ, અમોઘ દર્શનનો અવસર પણ મારા જીવનમાં આ પહેલો છે. છતાં પણ તપશ્ચર્યાના પરિણામરૂપે મળેલી દૈવી દૃષ્ટિને લીધે, ગુરુના અનુગ્રહને લીધે, તથા તમારી પોતાની કૃપાના ફળરૂપે, હું તમને ઓળખી શકી છું. અલબત્ત, તમારી એ ઓળખાણ પૂરેપૂરી નથી. પરંતુ અધૂરી છે, કારણ કે પ્રત્યેક જીવ પોત-

પોતાની શક્તિની મર્યાદામાં રહીને તમને ઓળખી શકે છે, એટલે તમને સંપૂર્ણપણે ઓળખવાનું મુશ્કેલ છે.'

શબરીની ઉદાત્ત ભાવના જોઈને રામ ગદ્‌ગદ્‌ બની ગયા.

પોતાના ગુરુ મહર્ષિ મતંગ અને એમના પ્રતાપી શિષ્યોનો પરિચય કરાવીને શબરી બોલી : 'તમે જ્યારે પવિત્ર ચિત્રકૂટ પર્વત પર નિવાસ કરતા ત્યારે મારા એ ગુરુજનોનાં શરીર છૂટી ગયાં. એ મહાત્મા પુરુષોએ મને આ દૈવી ભૂમિમાંથી વિદાય થતાં પહેલાં કહેલું કે, તારા આ એકાંત આશ્રમમાં પોતાના ભાઈ લક્ષ્મણ સાથે રામચંદ્રજી આવી પહોંચશે, તારા અતિથિ થશે, ને તને કૃતાર્થ કરશે. એમના દર્શનથી તને ઉત્તમોત્તમ ગતિ અથવા પદની પ્રાપ્તિ થશે. એ મહામાન્ય મહાપુરુષોના શબ્દો આજે સાચા પડયા એ જોઈને મને અનેરો આનંદ થઈ રહ્યો છે.'

શબરી પોતાની આંખનાં આનંદાશ્રુને લૂછીને ફરી બોલી : 'એ મહાપુરુષોએ કહેલી એક બીજી હકીકત કહી બતાવું?'

'જરૂર.' રામે સંમતિનો સૂર પૂરાવ્યો : 'એવા વચનસિદ્ધ, સત્યસંકલ્પ, આર્ષદૃષ્ટા, પ્રતાપી, મહાપુરુષોની વાતો સાંભળવાનું મન કોને ના થાય?

(ક્રમશઃ)

●

**દોહરા**

ડોસાં ડગરાં મૂકીને, જુવાન ચાલ્યા જાય;
સૂનાં ઘર બાળક વિના, સઘળું ખાવા ધાય.
કહાણી કહેવા કોઈ પણ, કુળમાં રહે ન એક;
જોજે જીવ વિચારીને, અસાર જગ છે છેક.

**શ્રીમાણિક્યવર્માજી.**

## * ગીતાનો સંદેશ અનાસક્તિ *

સંસારના પદાર્થોમાં નિર્મમતા અને અનાસક્તિ કેળવ-વાનો તથા સંસારમાં બધું ઈશ્વરનું છે, ઈશ્વર જ સંસારના સ્વામી છે, એવો ઉપદેશ ઉપનિષદની જેમ ગીતા પણ સ્પષ્ટ રીતે આપે છે. સંસારની વચ્ચે વાસ કરવા છતાં સંસારથી લેપાવું નહિ ને જલમાંના કમલ પેઠે પોતાના હૃદયકમલની પાંખડીને એક ઈશ્વરના વિરાટ વ્યાપક સ્વરૂપ તરફ ખોલી નાખવી એ ગીતાનો મહત્ત્વનો ઉપદેશ છે. તે સંસારમાંથી ક્યાંય નાસી જવાનું, સ્વજનોનો ને સંસારના પદાર્થોનો પરિત્યાગ કરવાનું કે સાંસારિક ફરજોને છોડી દેવાનું કહેતી નથી. ફરજોને પૂર્ણપણે પૂરી કરવાનો ને સંસારના આ વિશાળ ધર્મક્ષેત્ર કે કુરુક્ષેત્રમાં જ રહેવાનો આદેશ આપે છે. અર્જુન પોતાની ફરજ મૂકી દઈને કુરુક્ષેત્રના મેદાન-માંથી નાસી જવાનો વિચાર કરતો હતો. પરંતુ ગીતાના ગાયક ભગવાન શ્રીકૃષ્ણે તેના વિચારને બાલિશ ને દુઃખદ તથા કાયર ને નિર્બળ મનની ઊપજ જેવો કહ્યો છે. તે વિચારનો ત્યાગ કરીને કર્તવ્યભૂમિમાં રહીને પણ અર્જુન લેપાય નહિ અને અનાસક્ત કે નિર્મમ બને એ માટે તો ભગવાને ગીતામાં છેવટ સુધી વિસ્તારથી ઉપદેશ આપ્યો છે. એટલે સાધારણ માણસને પણ એ જ આદેશ લાગુ પડે છે. 'શૂર સંગ્રામકો દેખ ભાગે નહીં, દેખ ભાગે સોઈ શૂર નાહીં'ની જેમ જીવનના સંગ્રામમાંથી માણસે પાછી પાની કરીને નાસી જવાનું નથી.

યોગેશ્વરજી

# * સંપૂર્ણ શરણાગતિ *

ઈશ્વરની ભક્તિ કે શરણાગતિથી આત્માની અંદર એક પ્રકારની પ્રેરણા પેદા થાય છે, એક પ્રકારના અદ્‌ભુત પવિત્ર પ્રકાશનો પ્રાદુર્ભાવ થાય છે અને ઈશ્વરની અસીમ કૃપાનો લાભ મળતાં એક નહિ પરંતુ અનેક અટપટી સમસ્યાઓનો આપોઆપ ઉકેલ થઈ જાય છે. ઈશ્વરની કૃપામાં એવી શક્તિ છે. એથી કામ અનેકગણું સહેલું થઈ રહે છે.

ભક્તિ કે શરણાગતિથી ઈશ્વરની સાથે સંબંધ બંધાય છે અને પરિણામે માતા જેમ બાળકનો બધો જ બોજો ઉપાડી લે અથવા બાળકની સંપૂર્ણ સંભાળ રાખે, તેમ ઈશ્વર માણસની સઘળી સંભાળ રાખે છે. સંસારને તરવાની કે પાર કરવાની શક્તિ પણ એ જ આપે છે. એ જ સંસારને તરાવે છે કે પાર કરાવે છે. ભક્ત પછી નિશ્ચિંત બની જાય છે. એ ફક્ત એક માત્ર ઈશ્વરની ચિંતા કરે છે, અને એની બધી જ ચિંતા બદલામાં ઈશ્વર કરે છે. એની બધી જ જવાબદારી પ્રભુ ઉપાડી લે છે.

**યોગેશ્વરજી**

પ્રાપ્તિસ્થાનઃ—પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧.
રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, હરિયાળા પ્લોટ, બોરડીગેટ, ભાવનગર–૧